


યુસુફે ઝહરા
ઈ.મહદી (અ.સ.)
ગયબતમાં આપણી જવાબદારીઓ
ભાગ:- ૯
"જે કોઈ મારા દાદા (જદ્દે મઝલુમ) ઈ.હુસૈન (અ.સ.)પરની મુસીબત પર રડતી વખતે મારા જલ્દી ઝુહૂર થવાની દુઆ કરે, તો તેના માટે હું દુઆ કરીશ." (ઈ.ઝમાના અ.સ.)
(મિકીયાલ ભા.૨/૭૫)
علي بن أبي طالب
ડીઝાઈનઃ- મેટ્રો કોમ્પ્યુટર & કલાસીસ,ગાધકડા બજાર,મહુવા


# યુસુફે ઝેહરા

## ભાગ: ૯

# અનુક્રમણીકા


| | |
|---|---|
| ૧. | આપણા વુજુદનું મહત્વ તથા આપણી જવાબદારીઓ |
| ૨. | ગયબતે ઈમામ અ.સ.માં પ્રથમ જવાબદારી : ઈમામ અ.સ.ને દિલથી ચાહવા |
| ૩. | આપણી ઈમામ અ. પ્રત્યે બીજી ફરજ : ઈમામ અ.સ. ની જુદાઈ, દુઃખમાં ગમગીન બનવું |
| ૪. | આપણી ત્રીજી જવાબદારી : ઈન્તેઝાર |

| | |
|---|---|
| ૫. | આપણી ચોથી જવાબદારી : ફકત ઇમામ અ.સ.પાસે મદદ ચાહવી |
| ૬. | ઇમામ અ.સ. ની મદદ કરવી |
| ૭. | ઇમામ અસ્ર (અ.સ.)ના શિઆઓ સાથ દોસ્તી કરવી અને મદદરૂપ થવું. |
| ૮. | ઇમામ ઝમાના અ.સ. ની ખુશી માટે ખર્ચ કરવો. |
| ૯. | ઇમામ અ.સ. ને દિલથી ચાહવા અને ઝબાન થકી ઇમામ (અ.સ.) ની મદદ કરવી |

| |
|---|
| ૧૦. પવિત્ર ઇમામો અ.સ. અને ઇમામે ઝમાના (અ.સ.)ની પ્રશંસામાં અકીદત કલામ રચવા |
| ૧૧. ઇમામ (અ.સ.) માટે દુઆ કરવી |
| ૧૨. ઇમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાના અમુક ફાયદાઓ |
| ૧૩. ઇમામે ઝમાના (અ.સ.) માટે કેટલીક દુઆઓ |
| ૧૪. દુઆએ નુદબાહની ફઝીલત અને ફાયદાઓ |

# "પ્રકાશન શા માટે?"

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા અને ઈમામેઝમાના (અ.સ.) ની મદદ અને તૌફીકથી આ ઊશિંચા ર્ઝીંફિમિ ઈંળફળ-ચ-ણફળફ્ક્ષફ (ફ.) નામની અંગ્રેજી પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ વાંચકોની ખિદમતમાં પ્રસ્તુત કરીએ છીએ.

આ કિતાબમાં આપણું અસ્તિત્વ, ઈમામે ઝમાના (અ.સ.) પ્રત્યેની આપણી પાંચ જુદી જુદી જવાબદારી, જેમ કે ઈમામને ચાહવા, ઈમામના ગમમાં દુઃખી થવું, ઈન્તેઝાર, ઈમામ પાસે મદદ માંગવી અને ઈમામની મદદ કરવી વગેરે વાતોનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ નાનકડી કિતાબમાં સંપૂર્ણ દુઆઓ અને તેનો ગુજરાતી અનુવાદ રજુ કરી શકયા નથી. અલબત્ત તેની કિતાબોમાં હવાલા આપવામાં આવ્યા છે. મફાતિહુલ જીનાન નામની કિતાબ જે ગુજરાતી,ઉર્દુ,અરબી

ભાષામાં સરળતાથી મળે છે. તેમાં આ બધી દુઆઓ અરબી અને ગુજરાતી અનુવાદ સાથ આપવામાં આવી છે.

આપણા સમાજમાં હાલના સંજોગોમાં ઈમામ (અ.સ.)ની ગૈબતના ઝમાનામાં આપણી શું ફરજો છે? આ સવાલ લોકોના મગજમાં ઘુમરાય છે, ત્યારે એ સવાલોના સંતોષકારક જવાબો કિતાબના સરળ અને સાદી ગુજરાતી ભાષામાં રજુ કરવામાં આવેલ છે. ઈમામે ઝમાના (અ.સ.)ની ખિદમતમાં હદીયા તરીકે પેશ કરીએ છીએ. આ કિતાબનો ઈંગ્લીશમાંથી સરળ અને સાદી ગુજરાતી ભાષામાં અનુવાદ કરી આપનાર બિરાદરના હકમાં દુઆએ ખૈર કરીએ છીએ.

અલ્લાહ તઆલા અમારી આ નાનકડી કોશિશને કબુલ ફરમાવે અને અમારો શુમાર ઈમામે ઝમાના (અ.સ.)ના ગુલામોમાં કરે તેવી દુઆ.

આ કિતાબનો સવાબ શોહદાએ કરબલા,અસીરાને કરબલા,તથા અઈમ્મએ મઅસુમીન અ.મુ.સ. તથા ખુસુસન રસુલે અકરમ સ.અ.વ., જ.ફાતેમા ઝહરા (સ.અ.) તથા જ.નરજીસખાતુન (સ.અ.) તથા  ને પહોંચે

## પ્રકરણ - ૧

## આપણા વુજુદનું મહત્વ તથા આપણી જવાબદારીઆ

તમામ તારીફ એ મહાન અલ્લાહ તઆલા માટે જેણે આપણને શરીર આપ્યુ અને પછી તેમાં રૂહ મુકીને નવાજયા. એ રૂહ આપણને સાચા રસ્તાની હિદાયત કરે છે. જો આપણને સાચા રસ્તાની હિદાયત મળી ન હોત તો આપણે પણ પશ્ચિમના દેશોના માર્ગે ચાલીને ગુમરાહ થઈ ગયા હોત અને દુનિયા તથા આખેરતમાં અલ્લાહના ગઝબનો ભોગ બની ગયા હોત. બેશક જો ઈન્સાન, ખાસ કરીને એહલેબૈત (અ.મુ.સ.)ને માનનાર શિઆઓ

અલ્લાહ તઆલાએ આપેલી નેઅમતોની ગણત્રી કરે તો તે તુરતજ શુક્રનો સિજદો કરવા લાગે. અને (અત્યંત મહાંન) અલ્લાહનો શુક્ર બજાવવા માટે કરવામાં આવેલ સિજદામાંથી પોતાનું માથ ઉંચુ ન કરે. આથી જ ઈમામે ઝમાના (અ.) એ દરેક નમાઝ પછી શુક્રનો સિજદો કરવો અત્યંત જરૂરી ગણાવ્યો છે.

પવિત્ર માઅસુમ ઈમામો (અ.મુ.સ.)ની હદીસો એ વાત દર્શાવે છે કે શિઆ ખાનદાનમા આપણો જન્મ થવો એ આપણા પર અલ્લાહ તઆલાનો અસાધારણ ફઝલ છે. બેશક એ માત્ર અને માત્ર અલ્લાહ તઆલાની ઝાત છે કે જે દુનિયાનો પાલનહાર છે, અને તેજ આટલી બધી નેઅમતો આપી શકવા માટે શકિતમાન છે.

પયગંબર સ.અ.વ. ઉપર હ.જીબ્રઈલ અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા તરફથી વહી લાવતા હતા, જેના શબ્દો આ પ્રમાણે છે :-

“જયારે કોઇ માણસ મારી સિવાય બીજા કોઇને અલ્લાહ માનતો ન હોય (એટલે કે તેનો લા એલાહ ઇલ્લલ્લાહનો અકીદો હોય) તે રસુલને મારા બંદા અને પયગંબર માનતો હોય તેમજ અલી (અ.)ને મારા ઇમામ અને અલી (અ.)ના વંશજમાંથી થએલા ઇમામોને લોકો ઉપર મારી હુજજત માનતો હોય તો પછી હું મારા ફઝલથી તેને જન્નતમાં દાખલ કરીશ અને મારી માફી થકી તેને જહન્નમની આગથી બચાવીશ. હું તેને મારી નઝદીકી અતા કરીશ. હું તેના માટે કરામાત વાજીબ કરી દઇશ અને મારી નેઅમતો તેના માટે પૂર્ણ કરી દઇશ. હું તેને મારા ખાસ અને મુત્તકી બંદાઓમાંથી ગણીશ. તે મને બોલાવશે તો હું તેને જવાબ આપીશ. હું તેની નમાઝો કબુલ કરીશ. તે દુઆ કરશે તો હું તેની હાજતોને પુરી કરીશ. જો તે મૌન રહેશે તો હું મારી મેળે તેને નેઅમતો અતા કરીશ. જો તે નિરાશ થઇ ગયો હશે તો હું તેના માટે સાંત્વન આપીશ. જો તે (તેના ગુનાહોને કારણે) દુર થઇ

જશે તો હું તેને મારી તરફ બોલાવીશ. જો તે મારી તરફ પાછો ફરશે તો હું તેનો પસ્તાવો કબુલ કરીશ. જો તે મારા દરવાજા ખખડાવશે તો હું તેના માટે દરવાજા ખોલીશ. (કમાલુદ્દીન પ્રકરણ ૨૪ હદીસ નં.૩ પાના નં.૨૭૮ ઉર્દુ આવૃત્તિ).

માનંવતા ઈમાની ભાઈઓ, ઉપરોકત હદીસ વાંચ્યા પછી આપણે નીચે મુજબના નિર્ણય પર આવીએ છીએ, જે આપણા ઈમાનને ઢંઢોળે છે.

(૧) આપણે શિઆ હોવાનો ઉંચો દરજજો આપમેળે પ્રાપ્ત કર્યો નથો, પરંતુ આ અલ્લાહ તઆલાના ફઝલ છે કે આપણો શિઆ અકીદાવાળા પરિવારમાં જન્મ થયો.

(૨) અલ્લાહ તઆલા આપણા માં-બાપ ઉપર તેની રહમત નાઝીલ ફરમાવે અને તેઓને લાંબી જીંદગી અતા કરે. આપણે આપણા માં-બાપનો એ માટે શુક્ર અદા કરવો જોઈએ, કે તેઓએ આપણી હિદાયત અને માર્ગદર્શન માટે પુરેપુરા પ્રયત્નો કર્યા અને આપણને

સાચા હક માર્ગ પર રાખ્યા. નહીતર આપણે ગુમરાહીમાં ભટકી ગયા હોત. અલ્લાહ તઆલા આપણને આપણી ઉપર માં-બાપના જે હકક છે તેને અદા કરવાની તૌફીક અને હિદાયત આપે તથા એ કામમાં આપણી મદદ ફરમાવે.

(૩) આપણે અલ્લાહ તઆલાની ફઝલ થકી જ જન્નતમાં દાખલ થઈ શકીશું. ઈમામે સજજાદ અ. હંમેશા આ દુઆ પડતા હતા. ‘‘અય મારા અલ્લાહ અમારી સાથ તારા ફઝલથો વર્તાવ કરજે, તારા અદલનો વર્તાવ ન કરજે.’’ (રબ્બે આમીલના બે ફઝલેક, વલા તોઆમીલ્ના બે અદલેક).

(૪) એક વિચાર કરતા મૂકી દે તેવો સવાલ છે કે અલ્લાહ તઆલાની મોહબ્બતના કારણે આપણને તેની ઈતાઅત કરવાની તૌફિક શા માટે થતી નથી? આપણે એક દાખલો જોઈએ. આપણામાંથી ઘણા લોકો કોઈ ઓફિસમાં કામ કરતા હોય છે અને મહિનાને અંતે

પોતાના કામના બદલામાં જે તે એકમના માલિક અથવા તો મેનેજર પાસેથી પગાર મેળવતા હોય છે. આ પગાર રૂપે જે પૈસા મળતા હોય છે, બદલામાં તે રકમ આપણને દરરોજ ઓછામાં ઓછા આઠ કલાક જે ઓફિસમાં પસાર કરવામાં આવે છે તેટલો સમય, તે વિભાગના માલિકને વફાદાર રહેવા પ્રોત્સાહન આપે છે. એ આઠ કલાકનો સમય જે આપણે ઓફિસમાં વીતાવીએ છીએ, તે સમયમાં આપણે માલિકને વફાદાર રહેવા ઉપરાંત એવા કાર્યોથી પણ બચતા રહીએ છીએ, જે આપણા એકમના માલિકને પસંદ ન હોય, પરંતુ આ જ બાબતમાં આપણે અલ્લાહ તઆલાના હુકમની ઈતાઅત કરવામાં નિષ્ફળ જતા હોઈએ છીએ. આપણે એ અલ્લાહ તઆલાના હુકમનું પાલન કરતા નથી, કે જે આપણો માલિક અને પાલનહાર છે. એટલું જ નહી તેણે આપણને દુનિયામાં અનેક પ્રકારની સુખ અને સાધન - સગવડ આપી છે. તેમજ આખેરતની નેઅમતોનો પણ તે માલિક છે.

(૫) શિઆઓના વિખ્યાત આલિમ શૈખ અબ્બાસ કુમ્મી અ.ર. (મફાતિહુલ  જીનાનના સંપાદક) વિશે એ વાત જાણિતી છે કે તેઓ જયારે સૂતા ત્યારે પોતાના પગ વાળીને સૂતા હતા. અને તેઓ કહેતા હતા કે મને એ વાતની જાણ છે કે અલ્લાહ હંમેશા મને જુએ છે અને મારા કાર્યોની તેને જાણ છે, તો હું તેની સામે મારા પગ ફેલાવીને કેવી રીતે સૂઇ શકું?

(૬) શું તમામ મુસલમાનોમાં અલ્લાહ પ્રત્યેની મોહબ્બત અને નઝદીકી એક સરખી છે? આપણી જાત અને આપણા માં- બાપ કુરબાન થાય, ઈમામે હુસૈન (અ.)ની કુરબાની પર, કે તેઓએ આ વાત આપણા માટે સ્પષ્ટ કરી આપી છે.

એક દિવસ ઈમામે હુસૈન (અ.) તેમના સાથીદારો પાસે આવ્યા. અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની હમ્દો સના કર્યા પછી પયગંબર સ.અ.વ. પર દુરૂદો સલામ મોકલ્યા. પછી ફરમાવ્યું : કસમ છે ખુદાની કે તેણે

બંદાઓને નથી પૈદા કર્યા સિવાય કે તેઓ તેની મઅરેફત (ઓળખ) મેળવે અને તેને ઓળખીને તેની ઈબાદત કરે.

એ વખતે ઈમામ અ.ના એક સહાબી ઉભા થયા અને પુછયું : મારા મા-બાપ આપના પર કુરબાન થાય, ફરઝન્દે રસૂલ! અલ્લાહની મઅરેફત શું છે? ત્યારે ઈમામે હુસૈન (અ.) એ ફરમાવ્યું : તમામ યુગમાં ઝમાના ઈમામની મઅરેફત એ અલ્લાહની મઅરેફત છે. (બેહારૂલ અન્વાર ભાગ-૨૩ પા.૯૩).

ઉપરની હદીસથી એ વાત તરફ ધ્યાન દોરાય છે કે ઝમાના ઈમામની ઓળખ (મારેફત) વગર અલ્લાહની માઅરેફત મેળવવી શકય નથી.

તેનું કારણ એ છે કે પયગંબર સ.અ.વ. એ ફરમાવ્યું કે : જો કોઈએ અમારા (એહલેબૈત) માંથી કોઈ એકનો પણ ઈન્કાર કરે તો તેણે મારો ઈન્કાર કર્યો છે. અથવા બીજી એક જગ્યાએ ફરમાવ્યું કે જો કોઈ અમારા (એહલેબૈત) માંથી છેલ્લાનો ઈન્કાર કરે તો તેણે જાણે કે

મારો ઈન્કાર કર્યો. અથવા ફરમાવ્યું : જે કોઇ પોતાના ઝમાનાના ઈમામ અ.ને ઓળખ્યા વગર મૃત્યુ પામે તેની મૌત જાહીલીય્યતની મૌત છે.

ઉપરની વાતને અસંખ્ય હદીસો અને વાકેઆતો દ્વારા સમર્થન મળેલુ છે. અહીં ફકત એક દાખલો રજુ કરવામાં આવે છે.

હ.રસુલે ખુદા સ.અ.વ.ના ઝમાનામાં હસ્સાન બીન સાબિત બહુજ ઉચ્ચ કક્ષાના શાએર હતા. તેઓ હ.રસુલે ખુદા સ.અ.વ. અને તેઓની એહલેબૈત (અ.મુ.સ.) ની શાનમાં અશઆર રચતા હતા. એ વખતના સમાજમાં તેમનું સ્થાન બહુજ મહત્વનું હતું. તેમજ હ.રસુલે ખુદા સ.અ.વ. ની પહેલા તેઓ મીમ્બર ઉપર બેસીને પયગંબર સ.અ.વ.ની શાનમાં કલામ રજુ કરતા હતા. ગદીરેખુમના બનાવ વખતે હસ્સાને હ.અલી અ.ની શાનમાં ૧૪ અશઆરની જોડ રચી હતી. (જેનો ઉલ્લેખ ‘અલગદીર’નામની કિતાબમાં મૌજુદ છે.) એ

વખતે હ.રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું હતું કે : અય હસ્સાન, જયારે તમે આ અશઆર અમારી પ્રશંસામાં કહો છો, ત્યારે તે તમે નથી કહેતા પણ તમારી જીભપર રૂહુલકુદુસ આ પંકિતઓ મુકે છે.

હસ્સાન બિન સાબિતનું પયગંબર સ.અ.વ.ની નજરોમાં આ સ્થાન હતું,પરંતુ એજ હસ્સાન બિન સાબિત ત્રીજા ખલીફાના ઝમાના સુધી જીવંત રહ્યા. અને જયારે તેઓને લોકોએ હ.અલી અ.ના હક વિશે પુછયું ત્યારે તેઓએ કહ્યું હતું : ‘‘હું જાણતો નથી’’ બરાબર તેજ વખતે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ હસ્સાનની અશઆર રચવાની અને પઢવાની નેઅમત છીનવી લીધી. ત્યાર પછી જયારે લોકો હસ્સાન પાસે જઇને કોઇ શેઅરની પહેલી પંકિત કહીને તે શેઅર પુર્ણ કરવાનું કહેતા હતા ત્યારે હસ્સાન એમ જવાબ આપતા કે : તમને લોકોને મારા અશઆર પહેલી પંકિત તો યાદ છે. મને તો તે પણ યાદ આવતી નથી!!

હસ્સાન બિન સાબિતનો ત્રીજા ખલીફાની ઝમાનામાં ઈન્તકાલ થયો, હ.અલી અ.ની ખિલાફતના ઝમાનામાં કેટલાક લોકોએ હ.અલી અ.ને સવાલ કર્યો કે : શું હસ્સાન બિન સાબિત આપના શિઆ તરીકે ઈન્તકાલ પામ્યા? હ.અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને તાલિબ અ.મે જવાબ આપ્યો કે : જે કોઇ પોતાના ઝમાનાના ઈમામને ઓળખયા વગર મૃત્યુ પામે છે તેની મૌત જાહેલીય્યતની મૌત છે.

ઉપરના વાકેઆને આ પ્રકરણના પ્રારંભમાં આપવામાં આવેલ પયગંબર સ.અ.વ.ની હદીસના પ્રકાશમાં (બંને હદીસોને સાંકળીને) જોવામાં આવે તો, એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ઝમાનાના ઈમામ એ તેમના ઝમાનાનું અલ્લાહની નેઅમતો પામવાનું એક માત્ર 'મરકઝ' હોય છે. જો આપણે ઈમામતનો દ્રઢ અકીદો ધરાવતા હોઈએ અને ઝમાનાના ઈમામ અ.ના હુકમોનું પાલન કરતા હોઈએ તો આપણે અલ્લાહની દયા અને

મોહબ્બતને પાત્ર બનનારાઓમાંથી થઈશું. જે ઘડીએ આપણે ઈમામ અ.થી દુર થઈશું ત્યારથી આપણે દુનિયા અને આખેરતની મુસીબતોમાં ડુબી જઈશું.

ઈમામે અસ્ર (અ.) એ આ મુદ્દા વિશે શૈખ મુફીદ (અ.ર.) ને એક તૌકીઅમાં ફરમાવ્યું છે કે : અમે તમારા કાર્યોથી ગાફેલ નથી અને હંમેશા તમને યાદ રાખીએ છીએ. જો તેમ ન હોત તો તમારા દુશ્મનોએ તમારો નાશ કરી નાખ્યો હોત. (એહતેજાજે તબરસી ભાગ-૨, પાના નં.૯૩)

ઈમામે ઝમાના (અ.) ની ઉપરોકત હદીસના વાકયોમાં ઈમામ અ.ની તેના દરેક શિઆ પ્રત્યેની મોહબ્બત અને લાગણી વ્યકત થાય છે. બેશક ઈમામ અ. આપણને આપણા માં-બાપ કરતાં પણ વધારે ચાહે છે. માનવંતા શિઆ આલીમે દિન સૈયદ ઈબ્ને તાઉસ (અ.ર.) કહે છે કે : ૧૩ ઝીલહજજ હીજરીમાં ઈમામે અસ્ર અ.સ.ને સામર્રામાં જોયા. તેઓ દુઆ કરતા હતા, શિઆ

કે જે વફાત પામ્યા છે તેના નામ લઈને ફરમાવી રહ્યા હતા કે : અય મારા રબ, તેઓને (મારા ઝહુર પછી) મારી હુકુમતમાં જીવતા કરજે. આમ કહ્યા પછી ઈમામે (અ.) એ દરેક જીવતા શિઆઓના નામ બોલવાનું શરૂ કર્યુ અને દુઆ કરી કે : આ બધાને તું મારી હુકુમત સુધી જીવતા રાખજે. (મીકીયાલુલ મકારીમ ભાગ-૧ પે.નં.૧૯૯ ફારસી આવૃત્તિ)

આ રીતે ઝમાનાના ઈમામ અ. તેમના શિઆઓ પ્રત્યે લાગણી ધરાવે છે. જયારે આપણે ઈમામ અ.નો શિઆઓ પ્રત્યેનો આટલો બધો તીવ્ર અને ઉત્કટ પ્રેમ જોઇએ છીએ ત્યારે આપણે શરમની લાગણી અનુભવીએ છીએ. બેશક એ વાતમાં શંકા નથી કે ઈમામ અ. જેટલી મોહબ્બત, ઉત્કટતા અને આત્મીયતા સાથ આપણને ચાહે છે તેટલી મોહબ્બત, ઉત્કટતા અને આત્મીયતા આપણને આપણા ઈમામ અ.પ્રત્યે હોવાનો દાવો કરી શકતા નથી. છતાં આપણામાં ઈમામ પ્રત્યે

પ્રેમ અને લાગણી વ્યકત કરવાનો અભાવ છે. અલબત્ત લાગણી વ્યકત કર્યા વગરના પ્રેમની કિંમત બહુજ ઓછી હોય છે.

હ.અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબ (અ.) ફરમાવે છે કે બેશક, માણસના દિલની મોહબ્બત જીભ વ્યકત કરે છે અને મોહબ્બતની જાહેરાત (જેની સાથ મોહબ્બત હોય તેની) મુલાકાતમાં છે. (તજલ્લીયાતે હિકમત પાના નં.૧૨૫ હદીસ નં.૧૫).

આપણે ઝમાનાના ઈમામ અ. પ્રત્યે આપણી મોહબ્બત અને લાગણી વ્યકત કરવાને ‘‘ઈમામ અ.ની ગયબતના ઝમાનામાં શિઆઓની ફરજો’’ કહી શકીએ.

આ જવાબદારીઓની યાદી ઘણી લાંબી છે અને યાદી વિસ્તૃત કેમ ન હોય? કેમકે બેશક ઈમામે ઝમાના (અ.) એ છે કે જેઓનો લાંબા સમયથી ઈન્તેઝાર કરવામાં આવી રહ્યો છે. અને ભવિષ્યનું કાર્ય મોટું અને અનહદ મહત્વનું છે. - જેમાં આખી દુનિયા પર વિજય

મેળવવો, તમામ વિશ્વમાં ઈસ્લામની સ્થાપના કરવી અને આ જમીન જે અન્યાય અને અત્યાચારોથી ભરાઈ ગઈ હશે તેને અદલો ઈન્સાફથી ભરી દેવી.

આ કિતાબમાં ઈમામે ઝમાના (અ.) પ્રત્યેની જે જવાબદારીઓનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે, તેમાંથી વધુમાં વધુ જવાબદારીઓ પૂર્ણ કરવી એ આપણા જીવનનો મકસદ હોવો જોઈએ. આપણે આગળ જોઈશું તે પ્રમાણે કેટલીક જવાબદારીઓ એવી છે કે જેની પ્રત્યે આપણે વધુ ગંભીરતાપૂર્વક ઘ્યાન આપવાથી વિશેષ બીજું કાંઇ કરવાની જરૂર રહેતી નથી.

પયગંબરે ઈસ્લામ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે : જન્નતના ત્રણ તબકકા છે અને જહન્નમના ત્રણ તબકકા છે. જન્નતના સૌથી ઉંચા તબકકામાં એ લોકો હશે કે જેઓ અમો (એહલેબબૈત)ને દિલથી ચાહતા હશે અને તેમની ઝબાન અને શરીર થકી અમારી મદદ કરતા હશે. જન્નતના વચ્ચેના તબકકામાં એ લોકો હશે કે જેઓ

અમને દિલથી ચાહતા હશે અને તેની ઝબાનથી અમારી મદદ કરતા હશે. જન્નતના ત્રીજા તબકકામાં એ લોકો હશે, કે જેઓ ફકત અમને દિલથી ચાહતા હશે. (બેહારૂલ અન્વાર ભાગ-૨૭ પા.૯૩ હદીસ નં.૫૩).

## પ્રકરણ - ૨

## ગયબતે ઈમામ અ.સ.માં પ્રથમ જવાબદારી : ઈમામ અ.સ.ને દિલથી ચાહવા

કોઈપણ વ્યકિતને ચાહવાની નિશાની એ છે કે જેને ચાહતા હોઈએ તેની સંભાળ લેવી, તેની ઈચ્છાઓને પુરી કરવી, તેની જરૂરીયાતો અને ખુશીને આપણી ખુશી પર અગ્રતા આપવી. જે વસ્તુ આપણા માટે ચાહતા હોઈએ તે જ વસ્તુ તેના માટે પણ ચાહવી. અને જે બાબતનો આપણને નાપસંદ હોય તે બાબત તેના માટે પણ ન કરવી/ન થવા દેવી. આ ઉપરાંત તેમની ગેરહાજરીમાં તેમને યાદ કરવા એ પણ મોહબ્બતની નિશાની છે.

દાખલા તરીકે આપણે આપણા કોઇ મિત્રને ચાહીએ છીએ. આપણે એ પણ જાણીએ છીએ કે ધુમ્રપાન કરવું એ નુકસાનકારક છે. જો આપણો કોઇ મિત્ર ધુમ્રપાન કરે તો સ્વાભાવીક રીતે તે પણ તેના નુકસાનનો ભોગ બનશે. તેથી આપણે આપણા તે મિત્રની હાજરીમાં ધુમ્રપાન કરવાથી ચોકકસ બચશું. આમ કરવું તે આપણા મિત્ર પ્રત્યેની મહોબ્બતની નિશાની છે. જો આપણે ઈરાદાપુર્વક જાણી જોઇને તેની હાજરીમાં ધુમ્રપાન કરીશું તો તેનો અર્થ એ થશે કે આપણા માટે મિત્ર પ્રત્યેની લાગણીનું કોઇ મહત્વ નથી. એટલુંજ નહીં આપણે તેના પ્રત્યેની લાગણી પર આપણા વ્યસનને અગ્રતા આપીએ છીએ.

અગાઉ એ વાતનો ઉલ્લેખ થઇ ચૂકયો છે કે આપણે ઈમામે ઝમાના અ. ને ચાહીએ છીએ. પરંતુ આપણી તેઓ પ્રત્યેની લાગણીને મોહબ્બત વ્યકત કરવાની રીત એક પ્રકારની છે. આપણે બધા એ વાત જાણીએ છીએ કે

આપણા સારા અને ખરાબ તમામ પ્રકારના અમલ ઈમામ અ.ની ખિદમતમાં દર સપ્તાહે રજુ કરવામાં આવે છે. અથવા અમુક હદીસો મુજબ દર સપ્તાહના બે દિવસે રજુ કરવામાં આવે છે. આપણે એ પણ જાણીએ છીએ કે જયારે તેઓ અ. આપણા નેક કાર્યોને જોવે છે ત્યારે સ્મિત કરીને નેક અમલ કરનાર માટે ખુશી વ્યકત કરે છે. પંરતુ જયારે આપણા ગુનાહ જોવે છે. ત્યારે તેઓ ગમગીન બનીને રડે છે.

હવે આપણે આપણી ઝાતને જ આ સવાલો કરીએ, આપણે આપણા ઝમાનાના ઈમામે અ.ને પહોંચતા ગમ અને આસું બાબતમાં કેટલા જાગૃત અને લાગણીશીલ છીએ? શું આપણે શિઆઓ મોહબ્બત (અ.મુ.સ.)ના ગમ માટે પૈદા કરવામાં આવ્યા છીએ? તો પછી ઈમામ (અ.) આપણા ગુનાહોના કારણે રડે તે કેટલું યોગ્ય છે? આ સવાલો આપણા માટે દુ:ખ અને શરમનું કારણ છે અને આ સવાલોના આપણી પાસે કોઈ જવાબ નથી.

જયારે આપણું નાનું બાળક અડધી રાતે રડવા લાગે છે ત્યારે આપણે ઉઠીને તાત્કાલીક તેની સભાળ લઇએ છીએ. તો પછી આપણે નમાઝે સુબ્હનો સમય પસાર થઇ જાય અને સુતા રહીએ અને આપણી નમાઝ કઝા થઇ જાય તે યોગ્ય છે? જયારે કે હકીકતમાં આપણે એ વાત જાણીએ છીએ કે આપણી નમાઝ કઝા થવાના કારણે આપણા ઝમાનાના ઇમામ (અ.) દુઃખી થાય છે. આપણી ફરજ વિશે પવિત્ર પયગંબર સ.અ.વ.એ ફરમાવ્યું છે કે કોઇ પણ મોમીનનું ઇમાન ત્યાં સુધી સંપૂર્ણ નથો, જયાં સુધી તે મને તેની પોતાની ઝાત કરતાં અગ્રતા ન આપે (એટલે કે તેની ઝાત કરતાં પયગંબર સ.અ.વ.ને વધારે ચાહતો ન હોય) અને મારી એહલેબૈતને પોતાના ઔલાદ કરતાં વધારે ચાહતો ન હોય.

નીચે દર્શાવેલ પ્રસંગ એ વાત દર્શાવે છે કે બીજી કોઇ પણ બાબત કરતાં ઇમામે અસ્ર અ.સ. ને વધારે શા

માટે ચાહવા જોઇએ? જયારે પયગંબર સ.અ.વ. મે'રાજ પર જન્નતોમાં ગયા ત્યારે તેઓ અઈમ્મા (અ.મુ.સ) ના નૂરને જોયાં એક નૂર રૂકુઅમાં ઝુકેલુ હતું. જયારે પયગંબર (સ.અ.વ.) એ આ નૂર વિશે અલ્લાહને પુછયું ત્યારે કહેવામાં આવ્યું કે : અય મોહંમદ! આ તમારા વંસીઓના નૂર છે. તેઓની વચ્ચે જે નુર છે, તે તમારા છેલ્લા વસી હ.કાએમ અ. છે. જેઓ તમારા હલાલને હલાલ અને તમારા હરામને હરામ તરીકે પ્રસ્થાપિત કરશે. અય મોહમ્મદ (સ.અ.વ.) તમે તે લોકોને દોસ્ત રાખજો, બેશક તેઓને દોસ્ત રાખનારાઓને હું દોસ્ત રાખુ છું. (કમાલુદ્દીન ભાગ-૧ પાના નં.૨૦૦)

આપણે છેલ્લા ઈમામ અ.નો ઝમાનો જોવા માટે નસીબદાર બન્યા છીએ. એ ઈમામ (અ.) કે જેમને ચાહવાનો હુકમ બીજા કોઇ તરફથી નહીં- પણ અલ્લાહ તઆલાના પોતાના તરફથી છે. આપણા વિદ્વાન આલિમોએ આપણા દિલમાં ઈમામે અસ્ર અ.સ.પ્રત્યેની

મોહબ્બતમાં વધારો કરવા માટે આપણને એક સારૂં સૂચન કરેલ છે. તે એ છે કે આપણે ઈમામે ઝમાના અ.ને એમ કહીને વારંવાર આપણી ઝાતને યાદ દેવરાવવું જોઈએ કેઃ ‘‘અય ઈમામ, અય સાહેબે ઝમાન અ.હું આપ અ. ને ચાહું છું’’. જો આ રીતે આપણે નિયમીત રીતે કહ્યા કરીશું તો એક તબકકે - પરિવર્તન બિંદુએ આપણો નફસ આપણને કહેશે કે જો તું ઈમામને ચાહતો હોય, તો તું એ કામ કર જે ઈમામ અ.ને પસંદ હોય અને એ કામથી દૂર રહે જે ઈમામ અ.ને નાપસંદ હોય એટલે કે એની ખુશીને તારી ખુશી અને તેના ગમને તારો ગમ માન.

તમે એ વાત નોંધી હશે કે કયારેક તમને એવું લાગે છે કે તમને માથાનો દુઃખાવો થાય છે. તે વખતે આપણે સંપૂર્ણ તંદુરસ્ત હોઈએ છીએ પણ ‘માથાના દુઃખાવાની કલ્પના અથવા તો વિચારને લીધે ખરેખર માથ દુઃખવા લાગે છે. આ વાતને માનસશાસ્ત્રીઓ દ્વારા ‘ટેસ્ટ અને

ટ્રાય' એટલે કે અખતરાઓ કરીને અજમાવવામાં આવ્યા છે. જેમાં તેઓએ એ વાત સાબિત કરી છે કે માણસના દિમાગમાં જે વાત હોય છે.તેની તેના શરીર ઉપર અસર થતી હોય છે. અલબત, આપણે જો સતત આપણી જાતને ઈમામે ઝમાના અ.પ્રત્યે મોહબ્બતની વાતની યાદી આપતા રહીએ તો આપણા કાર્યો પણ આપણા દિમાગની વાતને સમર્થન કરતાં થઈ જશે.

## પ્રકરણ - ૩

## આપણી ઈમામ અ. પ્રત્યે બીજી ફરજ : ઈમામ અ.સ. ની જુદાઈ, દુઃખમાં ગમગીન બનવું

ઈમામે સાદિક અ.એક લાંબી હદીસમાં ફરમાવે છે કેઃ દુનિયામાં એક પણ આંખ જે અમારી મુસીબતો પર ગમગીન થશે તો તેઓ આખેરતમાં અમને પુલે કૌસર સિવાય બીજી કોઈ જગ્યાએ નહીં મળે. (બેહારૂલ અન્વાર ભાગઃ-૮ પા.૨૨ હદીસ નં.૧૭)

અન્ય હદીસમાં ઇમામ અ. ફરમાવે છે કે : જો કોઇ માણસનું દિલ આ દુનિયામાં અમારા પર થતાં ઝુલ્મો પર દુ:ખી થાય તો તેનો દરેક શ્વાસ ‘તસ્બીહ’નો સવાબ રાખે છે. (ઉસુલે કાફી હદીસ નં.૩ પાના નં.૩૨૦)

તસ્બીહનો સવાબ કેટલો?

હ.અલી અ.ની હદીસ પ્રમાણે તસ્બીહનો સવાબ એ છે કે ‘‘જયારે ઇન્સાન ‘સુબ્હાનલ્લાહ’ કહે છે ત્યારે તમામ ફરિશ્તાઓ તેના પર રહેમત નાઝિલ કરે છે. (તવહીદે સદુક ભાગ-૧ પાના નં.૩૧૨)

બીજી એક હદીસમાં ઇમામે સાદિક અ.ફરમાવે છે કે : આખરી ઝમાનામાં લોકો (અમારા કાએમ - ઇમામે ઝમાના અ.વિશે) કહેશે કે તેઓ ઇન્તકાલ કરી ગયા છે. કેટલાંક કહેશે કે તેઓ કોઇ ખીણમાં ગાએબ થઇ ગયા છે. પરંતુ મોમિનો તેઓની જુદાઇમાં રડી ઉઠશે. (ગયબતે નોમાની આખર ઝમાના વિશેના પ્રકરણમાં પાના નં.૭૭)

ઇમામ મૂસા કાઝીમ (અ.) ની હદીસ મૂજબ (ગયબતના) આખર ઝમાનામાં જયારે કાએમ (અ.) નું નામ લેવામાં આવશે ત્યારે શિઆઓની આંખો આંસુઓથી ભરાઇ જશે. એવા શિઆઓ કયામતમાં અમારી સાથ હશે. તેઓ અમારાથી ખુશ હશે, અને અમે તેમનાથી રાજી હોઇશું.

## પ્રકરણ - ૪

## આપણી ત્રીજી જવાબદારી : ઇન્તેઝાર

કોઇને પણ ચાહવાનું પરિણામ એ હોય છે કે તેની ગેરહાજરીમાં તેમને યાદ કરવામાં આવે અને આતુરતાપૂર્વક તેમની રાહ જોવામાં આવે.

આ વાતને એક દાખલા થકી સમજીએ. જયારે કોઇ બાળકોનાં પિતા પોતાના વતનથી દૂર કોઇ ગામમાં નોકરી કરતા હોય અને તે જયારે તેના બાળકો સાથ ફોન પર વાત કરે ત્યારે સ્વાભાવિક રીતે જ પહેલો સવાલ એ હોય છે કે : ‘‘પપ્પા, તમે ઘરે કયારે આવશો?’’ આવો

સવાલ પુછવાનું બાળકને શીખવવામાં આવતું નથી. પરંતુ આ આંતરસ્ફુરણા અને બાળકના પિતા પ્રત્યેની કુદરતી મોહબ્બતના કારણે પુછવામાં આવતો હોય છે. આટલુંજ નહીં, બાળક પોતાના પિતાને સતત યાદ કરતા રહે છે, તેમજ તેમના મિત્રો સાથ રમતાં રમતાં એવું કહેતા સાંભળવા મળે છે, કે મારા પિતાએ કહ્યું છે કે : તેઓ ટુંક સમયમાંજ આવનાર છે.

આપણો ઈમામે ઝમાના અ.પ્રત્યેનો પ્રેમ પણ નાના બાળકોનો તના પિતા પ્રત્યેના પ્રેમની જેમ સ્વાભાવીક, શુધ્ધ અને કુદરતી હોય તો કેટલું સારૂ થાય?!

બેશક ઈમામ (અ.) નો ઈન્તેઝાર કરવો એ ઈમામ પ્રત્યેની મોહબ્બતની નિશાની છે. જે વિશે ઈમામ સાદિક (અ.) ફરમાવે છે, ‘‘ઈમામના ઝહુર માટે સવાર અને સાંજ ઈન્તેઝાર કરો’’.

એક શાએર બહુજ સુંદર શબ્દોમાં ઈમામ અ.ના ઈન્તેઝારની વાતને આ રીતે વ્યકત કરી છે, ‘‘અલ્લાહ

ગવાહ છે કે હું આપને યાદ કરતો નથી પરંતું હું આપને યાદ કઇ રીતે કરૂં! જયારે કે હું આપને ભૂલ્યો જ નથી''! (મીક્યાલુલ મકારીમ ભાગઃ- ૨ પાના નં.૩૦૮)

બેશક ઇન્તેઝારનો સાચો અર્થ એ છે કે આપણા દિલોમાંથી આપણા ઇમામ અ. ની યાદ કદી ભૂલાવી ન જોઇએ. આપણામાંથી જે કોઇ ખાલીસ દિલ, ખૂલુસ નિય્યત અને મોહબ્બતની લાગણી સાથ ઇમામે ઝમાના અ.ના ઝહુરનો ઇન્તેઝાર કરતા હોય તો તેઓ એક ખાસ સ્થાન અને મહત્વ ધરાવ છે, જે વાત નીચે મુજબની હદીસોથી સ્પષ્ટ થાય છે.

(૧) ઇમામે જાફર સાદિક અ.ફરમાવે છે, કે ''જે કોઇ આ દુનિયામાંથી કાએમ અ.ના ઇન્તેઝાર (કરતા હોવાની) હાલતમાં વિદાય લે, તો તે જાણેકે અમારા સાથ અમારા તંબુમાં હતો''(કમાલુદ્દીન ભાગ-૨ પા.૬૪૪ હદીસ નં.૧,મીક્યાલુલ મકારીમ ભાગ-૨ પા.૨૦૬ પર્શીયન આવૃત્તિ)

(૨) બીજી હદીસમાં ઈમામે સાદિક અ. ફરમાવે છે કે જે કોઈ અમારી હુકુમતનો ઈન્તેઝાર કરે, તો તે અલ્લાહ (સુબ્હાનહુ વ તઆલા)ની રાહમાં પોતાના લોહીથી નહાવા સમાન છે.(કમાલુદ્દીન ભાગ-૨ પા.૬૪૫ હદીસ નં.૬,અને મીકયાલુલ મકારીમ ભાગ-૨ પા.૨૦૭ પર્શીયન આવૃત્તિ)

(૩) અન્ય એક હદીસમાં ઈન્તેઝારના કામના મહત્વ પર ભાર આપીને ઈમામે સાદિક અ.એ ફરમાવ્યું કે : એ શિઆઓ ખુશનસીબ છે કે જેઓ ગયબતના ઝમાનામાં તેમના ઈમામ અ.નો ઈન્તેઝાર કરે, તેવા લોકો અલ્લાહના દોસ્ત છે. તેવા લોકોને ડર નહીં હોય અને ન તો તેઓ દુઃખી થશે. (કમાલુદ્દીન ભાગ-૨ પાના નં.૩૫૭ હદીસ નં.૫૪ અને મીકીયાલુલ મકારીમ ભાગ-૨, પાના નં.૨૦૭ પર્શીયન આવૃત્તિ)

(૪) મુફઝઝલ ઈબ્ને ઉમર કહે છે : એક વખત મેં ઈમામ જાફર સાદિક અ.ની હાજરીમાં હઝરત કાએમ

અ.ને યાદ કર્યા,તેમજ એવા લોકોને યાદ કર્યા કે જેઓ ઈમામ અ.સ.નો ઈન્તેઝાર કરતા કરતા દુનિયાથી વિદાય થઈ ગયા હતા, ત્યારે ઈમામે સાદિક અ.એ જવાબ આપ્યો કે : જયારે ઈમામે ઝમાના અ. ઝુહુર ફરમાવશે ત્યારે ઈમામ અ.એવા લોકોની કબ્રની પાસે જશે અને તેઓને તેમના નામ લઈને સંબોધન કરશે અને ફરમાવશે કે તમારા ઈમામે ઝહુર કર્યો છે. જો તમે ઈચ્છો તો આવો અને તેમની સાથ જોડાઈ જાવ. (ગૈબતે શૈખ તુસી પાના નં.૨૭૬ અને મીક્યાલુલ મકારિમ ભાગઃ- ૨ પાના નં.૭ પર્શીયિન આવૃત્તિ)

(૫) હ. અમીરૂલ મોઅમેનીન અ.સ. એ ફરમાવ્યુ "જે લોકો આ દુનિયામાં અમારા હુકમોનું પાલન કરશે,તેઓ આખેરતમાં અમારી સાથ ઉચ્ચ દરજજા પર હશે, અને જે લોકો અમારી હુકુમતનો ઈન્તેઝાર કરે છે, તેઓ એવા છે કે તેઓએ જાણે કે અલ્લાહ તઆલાની રાહમાં દરિયામાં ડુબકી લગાવી હોય. (બેહારૂલ અનવાર

ભાગ- ૫૫ પાના નં.૭ મિકયાલુલ મકારિમ ભાગ-૨ પાનાનં.૨૧૦ પર્શીયન આવૃતિ)

(૬) ઈમામે જાફર સાદિક અ.એ ફરમાવ્યું ‘‘જે કોઈ પોતાના ઝમાના ના ઈમામનો ઈન્તેઝાર કરતા કરતા મૃત્યુ પામે તે ઈમામ અ.ના તંબુમાં તેઓ સાથ હાજર હોય તેવા લોકો સમાન છે.’’ ત્યાર પછો ઈમામ થોડી વાર રોકાઈ ગયા અને ફરમાવ્યું ’’ ના, તેવા લોકોનો દરજજો ઈમામની સાથ રહીને ઈમામ અ.ના દુશ્મનો સામે તલવારથો લડનાર જેવો છે’’ ત્યાર પછી થોડીવાર અટકીને ઈમામે આગળ ફરમાવ્યું ’’ ના, તેવા લોકોનો દરજજો પયગંબરે ઈસ્લામ (સ.અ.વ.) સાથ રહી લડાઈમાં શહીદ  થનાર જેવો છે’’ (બેહારૂલ અન્વાર ભાગઃ- ૫૬ પાના નં.૧૨૬ હદીસ નં.૧૮)

(૭) ઈમામે મોહંમદ બાકિર અ.એ ફરમાવ્યું ‘‘ઈમામ અ.નો ઈન્તેઝાર કરવાની હાલતમાં આ દુનિયાથો વિદાય લેનાર માટે નુકસાન નથો કેમકે તે

એવા સૈનિકોની જેમ મૃત્યુ પામે છે, જે હ.કાએમ અ. સાથ તેઓના તંબુમાં હાજર હોય. “(ઉસુલે કાફી ભાગ-૧ પાના નં.૩૭૬ હદીસ નં.૧ અને મીકયાલુલ મકારીમ ભાગ - ૨ પાના નં.૨૧૩ પર્શીયિન આવૃત્તિ)

(૮) ઈમામ મોહંમદ બાકીર (અ.) એ ફરમાવ્યું “હ.કાએમ અ.ના ઝહુરનો ઈન્તેઝાર કરવાનો બદલો તેના જેવો છે કે કોઇ દિવસના સમયમાં રોઝા રાખે અને રાત ઈબાદતમાં વિતાવે. “(ઉસુલે કાફી ભાગ-૨ પાના નં.૨૨૨ હદીસ નં.૪ અને મીકયાલુલ મકારીમ ભાગ - ૨ પાના નં.૨૧૩ પર્શીયિન આવૃત્તિ)

વ્હાલા વાંચકો, પવિત્ર ઈમામોની ઉપરોકત હદીસો ઈમામ અ.ના ઈન્તેઝાર નું
મહત્વ અને મલ્ય સ્પષ્ટ કરવા માટે પૂરતી છે. આ બધી હદીસો આપણને ઈમામ અ.સ. પ્રત્યેની મોહબ્બતમાં વધારો કરવા માટે અને ઈમામ અ.ના ઝહુરનો ઈન્તેઝાર

કરવા માટેના પ્રયત્નો માટે જાગૃત કરવા પ્રોત્સાહીત કરે છે.

આ વિષયમાં આગળ વધતા પહેલા આપણે આપણા હદયના ઉંડાણમાંથી એ સવાલનો જવાબ મેળવીએ કે "શું આપણે ઈમામ અ.ના ઝહુર થવા વિષે ભય અનુભવીએ છીએ? " સ્વાભાવિક રીતે એક માણસ એવીજ વ્યકિતનો ઈન્તેઝાર કરે છે જેનાથી તેને કોઈ દહેશત કે ધાસ્તી ન હોય, તેમજ એવીજ વ્યકિતનો ઈન્તેઝાર કરવામાં આવે છે જેના પોતાની પર કોઈ હક કે દાવો ન હોય. દા.ત.એક ચોર કદી પણ પોલીસનો ઈન્તેઝાર કરતો નથી કે એક શરાબી મસ્જીદના મૌલાના પોતાની સામે આવે તેવી પ્રતીક્ષા કદી કરતો નથી.

આપણે સાચા અર્થમાં ઈન્તેઝાર કરનારા ત્યારે જ ગણાશું જયારે ગૈબતના

ઝમાનામાં ગુનાહોથી દૂર રહેવાના ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરીશું. સાથોસાથ ઈમામ અ.સ.ને હંમેશા હૃદયપૂર્વક ચાહતા રહેશું.

અહીં અમે એક વિદ્વાન માણસે સામાજીક વ્યવહાર કે દંભ વિશે કરેલી વાતને પ્રસ્તુત કરીએ છીએ. દા.ત. સમાજના અમુક વાલીઓની એવી ફરિયાદ હોય છે કે "અમે શું કરીએ? અમારા બાળકો એટલા બધા જીદ્દી કે હઠીલા છે કે અમારી વાત માનતા નથી. તેથી અમારે ફરજીયાત ટેલીવીઝન જોવું પડે છે." એ લોકો બાળકોથી તો ડરે છે,પરંતુ ગુનાહ કરવામાં અલ્લાહ અને તેના ઈમામથી ડરતા નથી.

આપણે અલ્લાહ પાસે કુર્આને મજીદની નીચેની આયત આપણા દિલોમાં હંમેશા રહે તે માટે દુઆ કરીએ "શું તમે નથી જાણતા કે અલ્લાહ તમને જુએ છે?"

# પ્રકરણ - ૫

# આપણી ચોથી જવાબદારી : ફકત ઈમામ અ.સ.પાસે મદદ ચાહવી

કોઈપણ વ્યકિતને ચાહતા હોવાની નિશાની એ છે કે તે પોતાની સારા અને ખરાબ બધીજ હાલાતમાં જેની સાથ મોહબ્બત હોય, તેના વિશે દિલના ઉંડાણથી વિચારતો રહે છે અને તે રીતે મહેબુબને પોતાના વૈચારીક ભાગીદાર રાખે છે.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા ઈન્સાનના કુદરતી સ્વભાવ વિશે કુરઆને મજીદમાં ફરમાવે છે. (અય નબી) તે છતાં પણ જો તેઓ તારાથી (નાહક) ઝગડો કરે તો કહી દે (તમે માનો કે ન માનો) મેં તેમજ મારા અનુયાયીઓએ તો પોતાનું મસ્તક અલ્લાહની આગળ નમાવી દીધું અને તમે કિતાબવાળા તેમજ જાહીલો (એટલે અરબના મુશ્રીકો) થી કહી દો કે શું તમે ઈસ્લામ લાવો છો? ફરી જો તેઓ ઈસ્લામ લાવે તો તેઓ પણ ખરો માર્ગ મેળવી લેશે અને જો તેઓ માને નહીં તો

(ચિંતા કરવી નહીં, કારણકે) તમારે શિરે માત્ર (સંદેશાનું) પહોંચાડવું જ છે. અને ખુદા જાતે (પોતાના) બંદાઓ (ની હાલતો) ને સારી રીતે નિહાળે છે. (સુ.આલે ઈમરાન આ.૨૦)

ઈમામ મોહંમદ બાકીર અ.એ ફરમાવ્યું : તમારા વાજીબ કામોને અદા કરવામાં અનુભવવી પડતી મુશ્કેલીઓમાં સબ્ર કરો, તમારા દુશ્મનોનાં ઝુલ્મો સામે વધારે સહનશીલ બનો અને તમારા ઝમાનાના ઈમામ અ.સાથ સંબંધ જોડી રાખો. (અલ હીજજે ફીમા અલ હીજજહ લેખક સૈયદ હાશીમ બુરહાન, અસ્રે બુરહાન પાના નં.૩૩૪)

અરબી ભાષાથી પરિચીત લોકો એ વાત જાણે છે કે ‘રાબેતુ’ શબ્દબાબે મુફાઅલાહ આજ્ઞાર્થ માટે વપરાય છે. અરબી ભાષામાં આવા આજ્ઞાર્થ વાચક શબ્દ જયારે એકજ કામમાં બે વ્યક્તિઓ રોકાયેલી હોય ત્યારે વાપરવામાં આવે છે. ઉર્દુ વ્યાકરણમાં આજ્ઞાર્થના આ

પ્રકારના કાળને વારંવાર વાપરવામાં આવે છે. દા.ત. ‘મુનાઝેરહ’ શબ્દ એ વાત દર્શાવવા માટે વપરાય છે કે બે વ્યક્તિઓ એક બીજાની સાથ ચર્ચા કરી રહી છે.

આ ઉદાહરણને લક્ષમાં રાખીને જોઈએ તો ઉપરોક્ત આયતના‘રાબેતુ’ શબ્દ વાપરાવામાં આવ્યો છે તે બે વ્યક્તિનો પરસ્પરનો સંબંધ દર્શાવે છે.

આ અનુપમ વાતમાં અલ્લાહ (સુબ્હાનહ વ તઆલા) એ એ વાત દર્શાવી છે કે જયારે તમે તમારા ઝમાનાના ઈમામ અ.સાથ સંપર્ક રાખશો તો તેઓ અ.સ.ના દિલોમાં પણ તમારા માટે એક ખાસ સ્થાન જગ્યા રહેશે.

આપણે અલ્લાહ તઆલાના કુરઆનના ઈલ્મના માલિક - એહલેબૈત અ.મુ.સ. ના હુકમોને જાણતા હોઈએ પણ તેના પર અમલ ન કરીએ તો આ મોહબ્બત શક્ય બને નહીં.

વ્હાલા વાંચકો, આપણી એ ફરજ છે કે આપણા ઝમાનાના ઈમામ સાથ સંપર્ક (રબ્ત) શરૂ રાખીએ. (આ કિતાબની શરૂઆતમાં વર્ણન થઇ ગયું છે તે રીતે) ઈમામે ઝમાના અ. સાથ સંવાદ કરવાનું શરૂ રાખીએ. તેમજ આપણા દરેક કામો વિશે ઈમામ પાસેથી મદદ માંગીએ. આપણા માનનીય આલીમો અને માર્ગદર્શન એ આપણને આ વાત શીખવી છે કે કોઇ ખાનદાન માણસ પાસેથી એ વાતની આશા રાખવામાં આવતી નથી કે તેના પાસે સતત આજીજી કરીને કોઇ વસ્તુ માંગવામાં આવે અથવા તેને સતત વિનવણી કરીને બોલાવવામાં આવે તેમ છતાં તે જવાબ ન આપે.

અલબત્ત, આ પ્રકારની અમલની અપેક્ષા ઝમાનાના ઈમામ પાસેથી તો રાખી જ ન શકાય. ઈમામે ઝમાના (અ.) આપણી વાતોને સાંભળે છે અને આપણી માંગણીઓને આપણા હકમાં શ્રેષ્ઠ હોય તે રીતે પુરી કરે છે. આપણે દર વર્ષે શાબાન મહીનાની ૧૫મી તારીખે

અરીઝા લખીને તેમાં પોતાની હાજતો રજૂ કરીએ છીએ. અને થોડા સમય પછીએ વાત જુએ છીએ, કે તેમાંથી કેટલી ઇચ્છાઓ પૂરી થઇ. આપણી ખામી છે કે આપણે ફક્ત ૧૫ મી શાબાનના જ દિવસે અરીઝા લખીને ઇમામ અ.પાસે આપણી હાજતો રજૂ કરીએ છીએ. ઇમામ અ. આપણને કોઇ પણ દિવસે કે સમયે ભૂલતા નથી. ઇમામ અ.તો સ્થળ કે સમયના બંધન વગર હંમેશા આપણી મદદ કરવા માટે તૈયાર હોય છે.

એ વાતમાં કોઇ શંકા નથી કે આજના યુગમાં ઇમામે અસ્ર અ. પાસે અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવેલી એ શકિત અને સત્તા છે કે જેનાથી તેઓ (અ.) આપણા માટે પિતા સમાન છે. હદિસોમાં બયાન થયા મુજબ ઇમામ અ. આપણને આપણા માતા-પિતા કરતા પણ વધારે ચાહે છે. જો આપણા બાળકને કોઇ મુશ્કેલી હોય અને તે આપણા પાસે મદદ માંગવાની બદલે બહારની અન્ય કોઇ વ્યકિત મદદ માંગે

તો, બાળકના એ કાર્યથી આપણને કેટલું દુઃખ લાગે છે? એ વાતમાં શંકા નથી કે ઝમાનાના ઈમામ (અ.)ને પણ આ જોઈને બહુજ તકલીફ થાય છે જયારે આપણે આપણા જીવનની મુશ્કેલી, પ્રશ્નોમાં ઈમામ અ. સિવાય બીજા લોકા પાસે ઉકેલ માટે જઈએ છીએ.

હકીકતમાં માત્ર ઈમામ અ.સ. એ છે કે જેઓ પાસે આપણી તમામ મુશ્કેલીઓમાં તેમની પાસે મદદ માંગીએ અને સમસ્યાઓના ઉકેલ માટે પણ ઈમામનું માર્ગદર્શન સાથ તવસ્સુલ કરી શકાય છે. ઉપરાંત, જો આપણે ચાહીએ તો આપણી ભાષામાં પણ ઈમામ (અ.) સાથ વાતચીત કરી શકીએ છીએ. માનનીય વાંચકો, એ વાત જાણી લેવી જોઈએ કે ઈમામ અ. માટે ભાષાની કોઈ મર્યાદા નથી. જો ઈમામ અ. શાહી વગર લખાયેલા પત્રોના જવાબ આપી શકતા હોય તો કોઈ પણ ભાષામાં કરવામાં આવેલી વાતનો જવાબ આપવો તેઓ અ.સ. માટ અશકય નથી.અમે એ વાત ફરીથી યાદ

દેવરાવીએ છીએ કે અધુરાશ, ખામી અથવા બેદરકારી ઈમામે અસ્ર અ. તરફથી નથી પરંતુ આપણા તરફથી છે. જો આપણે આપણા દિલના ઉંડાણથી ઈમામ અ. સાથ મજુબત અકીદા સાથ વાત કરવાનું શરૂ કરીએ તો આપણા માટે જે સૌથી સારો રસ્તો હશે, તે ઈમામ અ.તરફથી સુચવવામાં આવશે. તેમજ આપણા માટે દુનિયા અને આખેરતમાં આ અમલનો ફાયદો મળશે. બેશક ઈમામ અ. આપણા હકમાં જે વાત સારી હશે તે જ કરશે અને જે ખરાબ હશે તે આપણને નહીં પહોચાડે.

આ તબકકે અમે એ વાત તરફ પણ આપનું ધ્યાન દોરીઅ છીએ કે ગયબતના ઝમાનામાં પણ કેટલાક લોકોની ઈમામ અ. સાથ મુલાકાત થઈ હોય તેવા પ્રસંગો જોવા મળે છે. આપણા સમાજના બાળકોને નકામી રોમાચંક, અને અખ્લાક બગાડનારી વાર્તાઓ વાંચતા રોકીને ઈમામે ઝમાના અ.ની ગયબતમાં લોકો કઈ રીતે ઈમામ અ.ને મળ્યા અને ઈમામ અ.તેમની કઈ રીતે મદદ

કરી? તે વાતોનું વર્ણન કરતી કિતાબોનું વાંચન કરવાની પ્રેરણા આપવી જોઇએ (આ માટે યુસુફે ઝહેરા ઇ.મહદી (અ.સ.)ની મુલાકાતના પ્રસંગો ભાગ ૧ થી ૫ બાળકોને વાંચવા આપી શકીએ.)

## પ્રકરણ - ૬

## ઈમામ અ.સ. ની મદદ કરવી

ઇમામે અસ્ર અ.ન આપણે કઇ રીતે પદ્ધતિથી મદદ કરી શકીએ તેની યાદી ઠીક ઠીક પ્રમાણમાં લાંબી છે. અત્રે એકજ જગ્યાએ તે યાદી પ્રસ્તુત કરવી શકય નથી તેમજ એમ કરવાનો અમારો આશય પણ નથી. અહી આપણે આપણા ઝમાનાના ઈમામ અ. ને મદદ કરવાના સરળ રસ્તાઓ એ છે કે જેના થકી કોઈપણ અલ્લાહની અને પવિત્ર ઇમામો અ.ની ખુશી મેળવવા ઈચ્છનાર ઈન્સાન ઈમામ અ.ની ખિદમત કરી શક્શે. પરંતુ ઇમામ અ.ને મદદ કઇ રીતે કરી શકાય તેની યાદી પહેલા આવો આપણે નીચેની હદીસોને ધ્યાનથી

વાંચીએ, જેની વિગતો જાણવી આપણા માટે બહુજ જરૂરી છે.

(૧) ઇમામ જાફર સાદિક અ.ફરમાવે છે, કે અમારા કાએમ અ.ની ગૈબતના ઝમાનામાં જો તમે તેઓ અ.ને માત્ર એક તીર બનાવીને મદદ કરી શકો, તો તમારા એ કાર્યમાં સંકોચ અનુભવશો નહીં. (ગૈબતે નોમાની પા.૧૭૩)

(૨) હઝરતે ઇબ્રાહીમ અ.ને નમરૂદે આગમાં નાખ્યા હતા, એ વાકેઓ બયાન કરવાની સાથ માઅસુમ અ.મુ.સ. ફરવમાવે છે કે : એ બનાવ વખતે એક નાનકડો દેડકો બહુજ કઠણ દિલ રાખીને પોતાના મુખમાં પાણી ભરીને નમરૂદે સળગાવેલી આગ તરફ ફેંકતો હતો (એ વિચારીએ કે દેડકાના મુખમાં કેટલું પાણી સમાયું હશે?) તે દેડકાને પુછવામાં આવ્યું કે : શું તારા પાણી ફેંકવાથી આવડી મોટી આગ બુઝાઇ શકવાની છે? આ સવાલનો દેડકાએ જે જવાબ આપ્યો તે નવાઇમાં મુકી દેનારો છે.

તેણે જવાબ આપ્યો કે : હુજ્જતુલ્લાહ - હ.ઈબ્રાહીમ અ.ને બચાવવા માટે મે મારી શકિત મુજબના તમામ પ્રયત્નો કર્યા, તે વાત મહત્વની છે. આ નાનકડો પ્રસંગ આપણને એ વાતની નસીહત આપે છે કે ઈમામે અસ્ર અ.ને મદદ કરવા માટે આપણે આપણી શકિત, સાધનો અને હેસિયત મુજબના તમામ પ્રયત્નો કરવા જોઈએ.

(૩) ઈમામે સાદિક (અ.સ.) ફરમાવે છે, કે જો હું ઈમામે ઝમાના (અ.સ.)ના
સમય સુધી પહોંચ્યો હોત, તો હું મારી આખી જીંદગી તેમની ખિદમત કરત. (બેહારૂલ અન્વાર ભાગ- ૫).

ઉપર દર્શાવેલી હદીસોથી આપણને એ વાત સમજાય છે કે ઝમાનાના ઈમામ (અ.સ.)ની (તેમની મદદ માટે તીર બનાવવા જેવા) નાનકડા કામથી શરૂ કરીને તેઓની જીવનભર મદદ કરવા સુધીની ખિદમત કરી શકાય છે. હવે સવાલ એ પૈદા થાય છે, કે જો હઝરત મહદી (અ.સ.) જાહેરી રૂપમાં આપણી વચ્ચે હાજર હોત

તો  આપણે તેઓ (અ.સ.) ની ખૂબ જ સારી રીતે ખિદમત કરતા રહેત. પરંતુ હાલના ગૈબતના ઝમાનામા આપણે ઈમામ (અ.સ.)ની મદદ કઇ રીતે કરી શકીએ? આ સવાલના જવાબમાં કેટલાક મુદ્દાઓ પ્રસ્તુત છે.

## પ્રકરણ - ૭

## ઈમામ અસ્ર (અ.સ.)ના શિઆઓ સાથ દોસ્તી કરવી અને મદદરૂપ થવું.

(૧) હ.ઈમામ અલી ઈબ્ને મુસા અરરેઝા (અ.સ.) એ ફરમાવ્યું : ‘‘જો  કોઇ જરૂરતમંદ શિઆને મદદ કરે, (તેના પર એહસાન કરે તેની સાથ સંબંધો જાળવે) તો તે અમને મદદ કરવા તથા અમારી સાથ સંબંધો જાળવવા સમાન છે.’’ (કામિલુઝઝિયારત : પાના નં.૩૧૯)

(૨)  હ.ઈમામ મુસા કાઝીમ (અ.સ.) ફરમાવે છે. : ‘‘જો કોઇ શિઆ તમારી પાસે તેની હાજત લઈને આવે તો એમ સમજો કે અલ્લાહે તમારા પર રહેમ કરી છે. અને તમારા માટે તેની રહેમતના દરવાજા ખોલી નાખ્યા છે.

બેશક જો તે જરૂરતમંદની મદદ કરે તો તે પોતાને (તેના કાર્ય થકી) અમારી નઝદીક થશે : આ કામ સાચે જ અલ્લાહની વિલાયત મેળવવા સમાન છે.'' (બેહારૂલ અન્વાર : ભાગ- ૭૪ પાના નં.૪૧૩)

(૩) ઈમામ જાફર સાદિક (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે ખુદાની કસમ, જો કોઈ અમારા શિઆઓમાંથી ફકત એક માણસને ખુશ કરે તો તે અમને ખુશ કરવા સમાન છે, ત્યાર પછી ઈમામે આગળ ફરમાવ્યું : ના,તે પયગમ્બર (સ.અ.વ.) અને અલ્લાહને ખુશ કરવા સમાન છે.

(૪) ઈમામ મુસા ઈબ્ન જઅફર સાદિક (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે : ''જે કોઈ અમારા એક શિઆની હાજત પુરી કરે, તો તે અમો અહલેબૈત (અ.સ.) ની હાજત પુરી કરવા સમાન છે.

(૫) પવિત્ર પયગમ્બર (સ.અ.વ.)એ ફરમાવ્યું : ''જો કોઈ માણસ પોતાના મોઅમીન ભાઈની મદદનો

પ્રયત્ન અલ્લાહની ખુશી માટે અને આખેરતની ભલાઇ માટે કરે, તો તે એક હજાર વર્ષ સુધી એક પણ ગુનો કર્યા સિવાય અને આંખનો પલકારો માર્યા વગર અલ્લાહની મદદ કરવા સમાન છે. (કમાલુદ્દીન : પાના નં.૫૪૧)

ઉપરોકત હદીસોથી એ વાત સ્પષ્ટ થાય છે કે હ.અલી (અ.સ.)ના શિઆખોને ઇમામની ગૈબતના ઝમાનામાં મદદ કરવી, તેમની ઇચ્છાઓને પુરી કુરવાનો બદલો પવિત્ર ઇમામોને મદદ કરવાના બદલા સમાન છે.

બેશક જો કોઇ બાળકને તેના માં-બાપની ગેર હાજરીમાં મદદ કરવામાં આવે તો તે બાળકના માં-બાપ જયારે પાછા ફરે ત્યારે તેના બાળકન કરવામાં આવેલી મદદને પોતાના પર કરવામાં આવેલા એહસાન સમાન ગણે છે.

ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની હદીસ અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે, જે તમામ વાતોનો સાર એ છે કે ગૈબતે ઇમામ (અ.સ.) ના ઝમાનામાં કોઇ જાહિલને

મઝહબની વાત શીખવવી એ-એહલેબૈત (અ.સ.) ના બાળકના માથા પર પ્રેમથી હાથ ફેરવ્યા સમાન છે. (ઈમામ અ.ની ગૈબતના ઝમાનામાં શિઆઓ યતીમ/અનાથ છે.) આ કાર્યોનો બદલોએ છે કે બાળકના માથા ઉપર હાથ ફેરવતી વખતે તે બાળકના માથાના જેટલા વાળ ઉપર હાથ ફરે તેટલી સંખ્યા પ્રમાણે તેના ગુનાહો બક્ષી દેવામાં આવશે.

એક અજ્ઞાન માણસને ઈમામે ઝમાના (અ.સ.) વિશેનું માર્ગદર્શન આપવું તે ૧૦૦ વર્ષની સાચી અને કબુલ થયેલી ઈબાદત કરતાં વધારે સારૂં કામ છે. અલ્લાહની નજરોમાં એવા માણસ (એટલે કે લોકોને ઈમામ પ્રત્યે માર્ગદર્શન આપનાર માણસ) ની હાજરી ૭૦ મોમીનો કરતા વધારે સારી છે.

ઉપરોકત હદીસથી આપણે નીચે મુજબના વાતના તારણ ઉપર આવી શકીએ.:

(૧) શકય હોય ત્યાં સુધી આપણી શકિત અને ક્ષમતા મુજબ એહલેબૈત (અ.સ.)ના શિઆઓની મુશ્કેલીઓનું નિવારણ કરવાની અને તેમને મદદ કરવાની પુરી કોશિશો કરવી જોઇએ. અલ્લાહ તઆલા અને અઈમ્મા (અ.મુ.સ.) ખાસ કરીને ઈમામે ઝમાના (અ.સ.)ની ખુશી મેળવવાનો આ સૌથી સારો રસ્તો છે.

(૨) શિઆઓને ઈમામે ઝમાના (અ.સ.) પ્રત્યેની મોહબ્બતનું માર્ગદર્શન આપવું,એ પણ શિઆઓને મદદ કરવાનો એક રસ્તો છે. સ્વાભાવિક રીતે માર્ગદર્શન આપવાના આ કામમાં આપણા બાળકો, કુટુંબીજનો, સગાઓ અને મિત્રોનો પણ સમાવેશ થઇ જાય છે.

(૩) ઈમામે ઝમાના (અ.સ.)ની મોહબ્બતની તરફ માર્ગદર્શન હિદાયત એ ૧૦૦ વર્ષની સહીહ અને કબુલ થયેલી ઈબાદત સમાન છે. જે કોઈ આ કામ કરે છે, તે અલ્લાહની નજરોમાં સિત્તેર મોમીનો કરતા ફઝીલત ધરાવે છે.

(૪) આપણી બેઠકો (મજલીસ, મીટીંગ વગેરે) ઇમામે ઝમાના (અ.સ.) ની યાદથી ખાલી ન હોવી જોઇએ.

(૫) સૈયદ ઇબ્ને તાઉસ તેમની કિતાબ 'ઇકબાલ' ના ભાગ-૧ પાના નં. ૪૫૭ ઉપર સુરએ અસ્રની તફસીરમાં સુરાની છેલ્લી આયત "વ તવા સવ બિલ હક્કે વ તવા સવ બિસ્સબ્ર" ના અર્થમાં ફરમાવે છે કે આપણા ઉપર ઇમામે ઝમાના (અ.સ.) ના જે હકકો છે તેની યાદી એક બીજાને દેવરાવવી જોઇએ.

## પ્રકરણ - ૮

## ઇમામ ઝમાના અ.સ. ની ખુશી માટે ખર્ચ કરવો.

(૧) ઇમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે, કે કોઇ મોમીન સાચા દિલથી એક દીરહમ ઇમામ (અ.સ.) ની રાહમાં ખર્ચ કરે, તેના કરતા વધુ પસંદ કરવા લાયક બીજો કોઇ અમલ અલ્લાહની નજરોમાં નથી. કયામતના

દિવસે અલ્લાહ તઆલા એ દિરહમને સાક્ષી બનાવશે. ત્યાર પછી ઈમામ (અ.સ.) એ સુરએ બકરહની આયત નં.૨૪૫ ની તિલાવત કરી. ‘‘છે કોઇ એવો જે અલ્લાહને કર્ઝે હસના આપે કે જેથી અલ્લાહ તેને અસંખ્ય ગણુ વધારી આપે, (સુરએ બકરહ : આ. ૨૪૫) (ઉસુલે કાફી ભાગઃ- ૨ પાના નં.૧૫૬ હદીસ નં.૨૮)

(૨) ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે ઈમામ (અ.સ.)ની રાહમાં એક દીરહમ ખર્ચ કરવો, એ તમામ મોમીનો માટે ૨૦ લાખ (બે મિલિયન) દિરહમ ખર્ચ કરવા કરતા બહેતર છે. (ઉસુલે કાફી, ભાગ-૨,પાના નં.૧૫૬ હદીસ નં.૨૮)

(૩) ‘મન લા યહઝરૂલ ફકીહ’ નામની કિતાબમાં ઈમામે સુ.બકરહની આયત નં.૨૪૫ સમજાવતા ફરમાવ્યું કે : ઈમામ (અ.સ.) ની રાહમાં એક દીરહમ દસ લાખ દીરહમ ખર્ચ કરવા કરતા બહેતર છે. આં હઝરત (સ.અ.વ.) એ આગળ ફરમાવ્યું : હજ્જ માટે એક

દીરહમ ખર્ચ કરવો એ બીજા કામોમાં દસ લાખ દીરહમ ખર્ચ કરવા કરતાં બહેતર છે. અને એકે એક દીરહમ જે ઈમામ (અ.સ.) ને પહોંચે તે હજ માટે ખર્ચવામાં આવેલા દસ લાખ દીરહમ કરતાં બહેતર છે. (ઉસુલે કાફી ભાગ- ૨, પાના નં.૨૬૦ હદીસ નં.૩૧)

(૪)આયતુલ્લાહ સૈયદ મોહમ્મદ તકી મુસવી ઈસ્ફહાની 'મીકયાલુલ મકારીમ' નામની કિતાબની ફારસી આવૃત્તિના બીજા ભાગના નં.૩૫૭ ઉપર લખે છે, કે ગયબતના ઝમાનામાં ઈમામે ઝમાના (અ.સ.)ની રાહમાં ખર્ચ કરવાનો અર્થ એ છે કે એવા કામોમાં ખર્ચ કરવો કે જે ઈમામે (અ.સ.) ની ખુશી, તાબેદારી અને મોહબ્બતનું કારણ હોય. (ખાસ કરીને ઈમામે ઝમાના (અ.સ.) વિશેની કિતાબો પ્રસિદ્ધ કરવી) અથવા એવા કાર્યક્રમોનું આયોજન કરવું, જેમાં ઈમામે ઝમાના (અ.સ.) ને યાદ કરવામાં આવતા હોય.

તમામ નેક કામોમાં ઈમામે ઝમાના (અ.સ.) ને અગ્રતા આપવી.

સૈયદ ઈબ્ને તાઉસ તેમની કિતાબ કશ્કુલ મોહજજાના પાના નં.૧૫૧/૧૫૨ પર તેમના ફરઝંદને વસીયત કરતા સલાહ આપે છે કે હંમેશા તમારા કામોમાં ઈમામે ઝમાના (અ.સ.) ને અગ્રતા આપો. તમે જયારે નમાઝે હાજત પઢો યા સદકો આપો ત્યારે ઈમામે ઝમાના અ.સ.ની ખુશ્નુદી માટે, સલામતી માટે નમાઝ પઢો અને તેઓ (અ.સ.) વતી સદકો પણ આપો. ટુંકમાં તમારા દરેક નેક કામોમાં ઈમામે ઝમાના (અ.સ.)ને યાદ કરીને તેમના વતી કારે ખૈર કરો. એ વાતમાં શંકા નથી કે તમારા આ કામથી તમારા પર ઈમામે ઝમાના (અ.સ.)ની ખાસ નજરે કરમ થશે અને ઈમામ (અ.સ.) તમારી તરફ રહેમતભરી નજર કરશે.

એક માણસને ઈમામે સાદિક (અ.સ.)એ પુછયું કે : જો કોઈ માણસ બીજા કોઈ માણસ વતી હજ બજાવી

લાવે તો તેનો બદલો શું મળશે? ઇમામે (અ.સ.) જવાબ આપ્યો કે તેને દસ હજ્જ સમાન બદલો મળશે.

ઇતિહાસ એ હકીકતની સાક્ષી આપે છે કે ઇમામ (અ.સ.) પાસે જયારે પણ કોઇએ મદદ માંગી ત્યારે ઇમામ (અ.સ.) એ તેને તેની અપેક્ષા કરતાં ઓછું કયારેય પણ આપ્યું ન હતું. (કુરૂએ કાફી, ભાગ-૪, પાના નં.૩૧૨ હદીસ નં.૨)

આ કિતાબનું કદ નાનું રાખવા માટે અહીં બીજા નેક કામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સૈયદ ઇબ્ને તાઉસની ઉપર જણાવલી વસીયતએ વાતની સાબિતી આપે છે. કે આપણે આપણા તમામ નેક કાર્યોમાં ઇમામે ઝમાના (અ.સ.) ને અગ્રતા આપવી જોઇએ. આમ કરવાથી ઇમામ (અ.સ.) ની ખુશી મેળવી શકાશે. એટલું જ નહીં પરંતુ આપણા કામો કબુલીયતના દરજ્જે પહોંચશે અને મહાન બદલો મળવાને પાત્ર બનશે.

## પ્રકરણ - ૯

# ઈમામ અ.સ. ને દિલથી ચાહવા અને ઝબાન થકી ઈમામ (અ.સ.) ની મદદ કરવી

એહલેબૈત (અ.સ.) પર આપણી જાન કુરબાન થાય કે જેઓએ આપણને જન્નતનો આસાન રસ્તો બતાવ્યો છે. આ વિષયના પણ અનેક પાસાઓ છે. જેમાંથી આ નાનકડા પુસ્તિકામાં વધુમાં વધુ પાસાઓ આવરી લેવાનો પ્રયત્ન કરવામાં આવશે.

એહલેબૈત (અ.સ.) ના દુશ્મનોથી દૂરી

(૧) પયગમ્બર (સ.અ.વ.) એ હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ને ફરમાવ્યું કે : અય અલી, તમે મારા પછી તમામ મોઅમીનોના આકા છો, તમો તમામ મખ્લુક પર અલ્લાહની હુજ્જત છો. બેશક જે લોકો તમારી વિલાયતને કબુલ કરશે તેઓ માટે જન્નત છે, અને જે લોકો તમારી વિલાયતનો ઈન્કાર કરશે, તેમના માટે જહન્નમ વાજીબ છે.

અય અલી અ.સ. એ ઝાતની કસમ કે જેણે મને પયગમ્બર બનાવીને મોકલ્યો છે, કે જો કોઇ એક હજાર વર્ષ સુધી અલ્લાહની ઇબાદત કરી, તો પણ તેનો અમલ ત્યાં સુધી કબુલ કરવામાં નહીં આવે કે જયાં સુધી તે તમારા દુશ્મનોથી દૂરી ઇખ્તેચાર ન કરે. અય અલી,આ હદીસ જીબ્રઇલ મારી પાસે વહીરૂપે લાવ્યા. હવે તમે જે લોકોને પંસદ કરો તેને સ્વીકારો અને જે લોકોને ન ચાહતા હો તેને દૂર કરો.

(૨) ઇમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે, કે જે કોઇને અમારા શત્રુઓના કુફ્ર વિશે અને અમારી ઉપર ઝુલ્મ કરનારાઓ વિશે શક હોય તો તેવા લોકો પોતે જ 'કાફીર' છે. (વસાએલુશ્શીયા,ભાગ-૧૮ પા.૫૬૧)

(૩) આ વિષય પરની એક હદીસમાં ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) તેમના શિઆઓને હુકમ આપતા ફરમાવે છે, કે તમારી વાજીબ નમાઝો પુરી થવા પછી તમારી જગ્યાઓથી બની ઉમય્યા પર લાનત કરવા

પહેલા હટશો નહીં. (શેખ તુસી કૃત તેહઝીબુલ ઈસ્લામ ભાગ-૨ પા.૧૦૯)

(૪) ઈમામ હસન અસ્કરી (અ.સ.) એ ફરમાવ્યું, “અમારા દુશ્મનો પર લાનત કરનારા લોકોનો અવાજ ફરીશ્તાઓ આસમાન પર લઈ જાય છે, ત્યાર પછી તે ફરીશ્તાઓ પણ અમારા દુશ્મના ઉપર લાનત મોકલે છે. પછીએ ફરીશ્તાઓ એ માણસની પ્રશંસા કરે છે અને તેના માટે ઈસ્તગફાર કરીને તેના માટે અલ્લાહની રહેમતની દુઆ માંગે છે. ફરીશ્તાઓ અલ્લાહ પાસે એ માણસ પર રહેમત મોકલવાની દુઆ કરતા કહે છે, કે આ બંદા એ તારી હુજજતની મદદ કરવા માટ તેનાથો બનતા પ્રયત્નો કર્યા છે. જો તે આનાથો વધારે કાંઈ કરી શકતો હોત તો તે પણ કરત. તે વખતે અલ્લાહ સુબ્હાનહુ તઆલા ફરમાવે છે, કે અય ફરીશ્તાઓ ! મેં આ માણસ માટે તમારી દુઆઓને કબુલ કરી છે. મારી નેઅમતો અને દયા તેના પર છે અને હું તેને મારા મુત્તકી અને મહાન બંદાઓમાં

શામીલ કરી દઇશ. (બેહારૂલ અનવાર : ભાગ - ૫૦ પા.૩૧૭)

(૫) જનાબ અબુ હમઝા શેમાલી ચોથા, પાંચમા અને છઠ્ઠા ઈમામ (અ.સ.) ના ઝમાનામાં ઈમામ (અ.સ.)ના સહાબી હતા. તેઓ આ હદીસ બયાન ફરમાવે છે કે મેં ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ને એમ ફરમાવતા સાંભળ્યું,કે જે કોઇ દિવસમાં એક વખત 'જીબ્ત અને તાગુત' પર લાનત કરે તો અલ્લાહ તઆલા તેના માટે ૭૦,૦૦,૦૦૦ (સિત્તેર લાખ) નેકીઓ લખે છે. અને તેના ૭૦,૦૦,૦૦૦ (સિત્તેર લાખ) ગુનાહો માફ કરે છે તેમજ તેના દરજ્જા ૭૦,૦૦,૦૦૦ (સિત્તેર લાખ) ગણા વધારી દે છે. જો તે રાતના સમયે એક વખત લાનત કરે તો પણ તેના માટે ઉપર મુજબનો બદલો લખવામાં આવશે.

અબુ હમ્ઝા શેમાલી કહે છે કે ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.)ની શહાદત થવા પછી, મેં ઈમામ

મોહમ્મદ બાકીર (અ.સ.)ની ખિદમતમાં ઉપરની હદીસ રજુ કરીને એ હદીસની છણાવટ કરવાની વિનંતી કરી. ત્યારે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ મારી પાસેથી આ હદીસ સાંભળીને ફરમાવ્યું કે : તમે ઇચ્છો છો કે હું આ બદલામાં વધારો કરૂં? તો સાંભળો, જે કોઈ જીબ્ત અને તાગુતની ઉપર સવારના સમયે લાનત કરે તો તેના એ દિવસના ગુનાહોને લખવામાં નહીં આવે અને જો તે સાંજના સમયે લાનત કરશે તો તેના રાતના સમયના ગુનાહ નોંધવામાં નહીં આવે.

અબુ હમ્ઝા શેમાલી કહે છે કે : ઈમામે મોહમ્મદ બાકીર (અ.સ.) ની શહાદત પછી હું ઈમામ જાફર સાદિક (અ.સ.) ની ખિદમતમાં રજુ થયો અને મારા માટે આ હદીસનું વિવરણ કરી આપવાની વિનંતી કરી. ત્યારે છઠ્ઠા ઈમામ (અ.સ.) એ બદલામાં વધારો કરતા ફરમાવ્યું : બેશક અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા ખુબજ

ઉદાર છે, અને મહાન , ખુબજ મોટો બદલો આપનારો છે.(શેફાએ સુદુર ભાગ- ૨ પા.૩૭૯)

ઉપરોક્ત હદીસમાંથી નીચે મુજબના અગત્યના તારણો નોંધવા જેવા છે.

(૧) મોટા ભાગના શિઆઓ ‘જીબ્ત અને તાગુત’ થી પરિચિત છે. તથા આ શબ્દોથી ઓળખાતી વ્યક્તિઓને જાણે છે. જે લોકો આ શબ્દથી પરિચિત ન હોય તેઓએ આલિમોનો સંપર્ક કરવો જોઈએ. તેમજ તેમણે પોતે તથા તેમના બાળકોએ એ વાત જાણી લવી જોઈએ કે તેમના દરેક કાર્યો અગત્યતા ધરાવે છે. તેમણે લોકોમાં વિખવાદ ઉભો થાય તેવા કોઈ કાર્યો કરવા ન જોઈએ.

(૨) ઉપરની હદીસમાં ગુનાહો માફ થવાની જે વાત દર્શાવવામાં આવી છે, તે એવા ગુનાહોની વાત છે કે જે ભૂલથી થયા હોય અથવા બળજબરી પુર્વક કરાવવામાં આવ્યા હોય. આપણામાંથી કોઈએ એમ માની લેવું ન

જોઈએ કે 'જીબ્ત અને તાગુત' પરની લાનત દિવસ અને સાંજના સમયે મનફાવે તેવા ગુનાહો કરવાની પરવાનગી આપે છે. અને તે ગુનાહોની કોઈ સજા આપવામાં નહીં આવે, તેવુ પણ માની લેવું ન જોઈએ.

(૩) આપણા -બાળકોને આપણે અલ્લાહ એક હોવા વિશેની વાત (તૌહીદ) બાર ઈમામ (અ.સ.) અને ચૌદ માસુમીન (અ.સ.) વિશેની તાલીમ આપીએ છીએ. તેવી જ રીતે આપણે બાળકોને એહલેબૈત (અ.સ.) ના દુશ્મનોથી પણ વાકેફ કરવા જોઈએ. અને ત્યારે જ આપણું ઈમાન સંપૂર્ણ થશે.

એક અગત્યની વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આજે પણ ઈમામે ઝમાના (અ.સ.) ના ઘણા દુશ્મનો છે કે જેઓ જાહેરમાં અને ગુપ્ત રીતે ઈમામ (અ.સ.) ની વિરૂદ્ધ કામ કરી રહ્યા છે. એ પવિત્ર ઈમામો (અ.સ.) ના દુશ્મનોને ઓળખવાની રીત એ છે, કે જે લોકો આપણને

ઇમામ (અ.સ.) થી દૂર કરીને પોતાની તરફ બોલાવે તે લોકો ઇમામો (અ.સ.) ના દુશ્મનો છે અને તેવા લોકોથી હંમેશા દૂર રહેવુ જોઇએ.

આપણે આપણી ઝાતને એ સવાલ પુછવો જોઇએ, કે શું મારે કોઇ એવી જરૂરત કોઇ ઇચ્છા કે કોઇ સમસ્યા છે કે જે ઇમામે ઝમાના (અ.સ.) દ્વારા પુરી થઇ ન શકે? શું દુનિયામાં કોઇ એવી હસ્તી છે ખરી, કે જેની પાસે ઇમામ કરતા પણ વાધરે શકિત અને સત્તા હોય? બેશક આ બધા સવાલોનો જવાબ નકારમાં જ આવશે. આપણે આપણી સમસ્યાઓના ઉકેલ માટે એહલેબૈત (અ.સ.) ના દરવાજે જઇને તેમની જ મદદની માંગણી કરવી જોઇએ. એમ કરવા માટે વધારે તકલીફ લેવાની કે પ્રવાસ કરવાની જરૂર નથી. તે માટે આપણા આંસુ અને આપણી દુઆઓ/ નમાઝો પુરતી થઇ પડશે. આપણા ઝમાનાના ઇમામ (અ.સ.) ગયબતમાં રહીને પણ આપણી અવશ્ય મદદ કરે છે.

# પ્રકરણ - ૧૦

# પવિત્ર ઈમામો અ.સ. અને ઈમામે ઝમાના (અ.સ.)ની પ્રશંસામાં અકીદત કલામ રચવા

(૧) ઈમામે સાદિક (અ.સ.) એ ફરમાવ્યું કે જે કોઇ ઈમામ (અ.સ.)ની પ્રશંસામાં અશઆર પઢે તો અલ્લાહ તેને જન્નતમાં એક ઘર અતા કરશે. (વસાએલુશ્શિઆ ભાગ- ૧૦ પા.૪૩૭ હદીસ - ૧)

(૨) બીજી એક હદીસમાં છઠ્ઠા ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું : કોઈપણ માણસ એ સમય સુધી ઈમામની પ્રશંસામાં અકીદત કલામ કહી શકતો નથી કે જયાં સુધી તેને (તેના એ કાર્ય માટે) રૂહુલ - કુદુસની મદદ હાંસિલ ન થઇ હોય. (વસાએલુશ્શિઆ ભાગ- ૧૦ પા.૪૬૭ હદીસ - ૨)

(૩) ઈમામે રેઝા (અ.સ.) એ ફરમાવ્યું,કે જે કોઇ અમારી ફઝીલતને પોતાના કલામ થકી વ્યકત કરે તો

અલ્લાહ તેને જન્નતમાં એક મકાન અતા કરશે, જેનું કદ આ દુનિયાના કદ કરતા સાત ગણું મોટું હશે. અલ્લાહ અને તેના પયગમ્બરોની નઝદીકી ધરાવતા તમામ ફરીશ્તાઓ આ મકાનમાં તે શાયરને મળવા માટે આવશે. (વસાએલુશ્શિઆ ભાગ- ૭ પા.૪૬૭ હદીસ - ૩)

(૪) કુમૈલ ઈબ્ને ઝૈદલદી કહે છે કે : હું ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ની ખિદમતમાં હાજર થયો. આપે (અ.) મને સંબોધીને કહ્યું : અય કુમૈલ જો મારી પાસે આખી દુનીયાનો ખજાનો હોત તો તેમાંનો મોટો હિસ્સો હું તમને આપી દત. આમ છતાં હું તમારી પાસે એ શબ્દો દોહરાવું છું, જે ઈમામ (અ.સ.) એ હસ્સાન ઈબ્ને સાબિતને કહ્યા હતા કે જયાં સુધી તમે અમારી ફઝીલતમાં કહેલા અકીદત કલામ પઢતા રહેશો, રૂહુલ કુદ્સ તમને મદદ કરતા રહશે (રઉઝએ કાફી ભાગ- ૮ પા.૧૦૨)

અહીં સવાલ એ થાય કે જો કોઇ પાસે અકીદત કલામ કહેવાની આવડત કે ક્ષમતા ન હોય તો તેવા માણસે શું કરવું જોઇએ ? એ સંજોગોમાં તે માણસે ઇમામ (અ.સ.)ની શાનમાં ઇમામ (અ.સ.) પ્રત્યેની મોહબ્બતના પ્રતિકરૂપે કહેવાએલા અકીદત કલામ (કાવ્યો) એકઠા કરવા જોઇએ.

શાયરો એ વાત સારી રીતે સમજી શકશે તેઓ તેમના કલામ રૂહુલ કુદ્સની મદદથી જ રચી શકે છે. લોકોના સમૂહની વચ્ચે - મુશાયરામાં જયારે અકીદત કલામને દાદ આપવામાં આવે ત્યારે તેમણે એ મદદનો શુક્ર અદા કરવો જોઇએ. આ રીતે શુક્ર અદા કરવાથી તે શાયરની પ્રતિષ્ઠામાં ઘટાડો થતો નથી. બલ્કે તેની તૌફીક અને અજ્રમાં વધારો થાય છે.

આ તબકકે તમામ શાયરે એહલેબૈત (અ.સ.) બિરાદરોને વિનંતી છે કે ઇમામે ઝમાના (અ.સ.)ની શાનમાં કહેવાએલા અકીદત કલામની જે કિતાબો છે.

તેને વધુમાં વધુ સંખ્યામાં પ્રસિદ્ધ કરાવો તેનો પ્રચાર કરવાના વધુમાં વધુ પ્રયત્નો કરવા. આપણે એ વાત સારી રીતે જાણીએ છીએ કે મઝહબના પ્રચારમાં એહલેબૈત (અ.સ.) ની ફઝલીતમાં અકીદત, કલામ રચનારા શાયરોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. તેથી જ તેઓ લોકોના દિલમાં ઈમામે ઝમાના (અ.સ.) પ્રત્યેની મોહબ્બત પૈદા કરવા માટે મહત્વનો ભાગ ભજવી શકે છે.

## પ્રકરણ - ૧૧

## ઈમામ (અ.સ.) માટે દુઆ કરવી

"મીકયાલુલ મકારીમ ફી ફવાએદીદ દુઆ લીલ કાએમ" નામની કિતાબમાં આયતુલ્લાહ સૈયદ તકી ઈસ્ફહાનીએ ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાના અને તેમનાથી થતાં ફાયદાઓનું વિગતવાર વર્ણન કરેલ છે.

મીકયાલુલ મકારીમ નામની આ મોટી કિતાબના બે ભાગ છે. જેમાં લેખકે ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવી જોઈએ તે વાતને જુદા જુદા ૧૧૦ કારણો આપીને રજુ કરી છે. અને ઈમામ (અ.સ.) માટે દુઆ કરવાની જરૂરત પ્રત્યે આપણને જાગૃત કર્યા છે. તેમજ ઈમામ (અ.સ.) માટે દુઆ કરવાથી દુનિયા અને આખેરતના ૯૦ ફાયદા નું વર્ણન પણ કર્યું છે.

ખુદ ઈમામે ઝમાના (અ.સ.) એ ફરમાવ્યું છે કે : મારા ઝુહુર માટે વધારે દુઆ કરો તેમા જ તમારી નજાત છે.(કમાલુદ્દીન ભાગ-૨, પા.૪૮૫ પાના.૨૮૪)

ઈમામે જઅફર સાદિક (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે : જયારે બની ઈસ્રાઈલ (નામી કૌમ) ને ફીરઔનના ઝુલ્મ અને અત્યાચારથી બચવાની અને તેમની સમસ્યાઓના નિવારણની કોઈ આશા ન રહી, ત્યારે તેઓ બધા જંગલમાં એકઠા થયા અને અલ્લાહ તઆલા પાસે રડી રડીને તથા આજીજી કરીને મદદ માટે

દુઆ કરી. આ દુઆનું પરિણામ એ આવ્યુ કે : અલ્લાહ તઆલાએ (તે કૌમના મદદગાર બનનાર) હ.મુસા (અ.સ.) ની વિલાદત ૪૦૦ વર્ષ વહેલી કરી. ઈમામ (અ.સ.) આગળ ફરમાવ્યું : મારો ફરઝંદ પણ એ સમય સુધી ઝુહુર નહીં ફરમાવે કે જયાં સુધી (આખરી ઝમાનાના) શિઆઓ તેમના માટે દુઆ નહીં કરે.

## પ્રકરણ - ૧૨

## ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાના અમુક ફાયદાઓ

(૧) દુઆ કરનાર તેના કાર્યોના હિસાબ વગર જન્નતમાં પ્રવેશ મેળવશે.

(૨) તેને કયામતના દિવસની પ્યાસથી રક્ષણ મળશે.

(૩) તે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા માટે ગર્વરૂપ બનશે.

(૪) તે અલ્લાહના ગઝબથી સુરક્ષિત રહેશે.

(૫) ફરીશ્તાઓ તેના માટે દુઆ કરશે.

(૬) તેના માટે પવિત્ર ઇમામો (અ.સ.) દુઆ કરશે.

(૭) ઇમામ માટે તેની દુઆઓના પરિણામે તેની પોતાની દુઆઓ કબુલ થશે.

(૮) તે માણસ માટે ઇમામે ઝમાના (અ.સ.) ખાસ દુઆ કરશે.

(૯) અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા તેના ઇમાનને ‘સંપૂર્ણ ઇમાન’ ગણશે.

(૧૦) તેની ગણત્રી મહાન શહીદોમાં થશે.

(૧૧) તે પવિત્ર ઇમામો (અ.સ.) ની શફાઅત મેળવવાને પાત્ર બનશે.

(૧૨) તે ઇમામ (અ.સ.) ના સાથીદારોના સમૂહમાં શામીલ થશે.

(૧૩) તેને પયગમ્બર (સ.અ.વ.) ની સાથ રહીને કરવામાં આવતી જેહાદમાં
શહીદનો દરજ્જો મળશે.

(૧૪) દુઆ કરવાથી ઈમામ અ.સ. પ્રત્યેની મોહબ્બતમાં વધારો થશે.

(૧૫) તેની આયુષ્ય લાંબી થશે.

(૧૬) તેના ગુનાહો નેકીમાં બદલાઇ જશે.

(૧૭) તે દુનિયાના અને લોકોના નુકશાન (ખરાબી) થી બચી શકશે.

(૧૮) તે આખરી ઝમાનાના ભ્રષ્ટાચારથી બચીને રહેશે.

(૧૯) આ દુનિયાની મુશ્કેલીઓથી તે સુરક્ષિત રહશે.

(૨૦) તેની રોઝીમાં વધારો થશે.

(૨૧) જો તે ઈમામે ઝમાના (અ.સ.) ની હુકુમત પહેલા મૃત્યુ પામશે, તો તેને (ઈમામ અ.સ.ની હુકુમત દરમ્યાન) જીવંત કરવામાં આવશે.

(૨૨) તેને જાગૃત કે સુવાની હાલતમાં ઈમામે ઝમાન (અ.સ.)ની મુલાકાતની તક મળશે.

(૨૩) તેના ગુનાહોને બક્ષી દેવામાં આવશે.

(૨૪) તે હિસાબના દિવસે (કયામતમાં) ૭૦,૦૦૦ મોઅમીનોની શફાઅત કરી શકશે.

(૨૫) આ દુનિયામાં તેને પોતાના માં-બાપ સાથ નેક વર્તન કરવાનો બદલો મળશે.

વ્હાલા ભાઈઓ, અહીં ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાના ફકત અમુક ફાયદાઓ જ રજુ કરવામાં આવ્યાછે. આવા અનેક ફાયદાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ બધા ફાયદાઓને કુરઆનની આયતો અને પવિત્ર ઈમામો (અ.સ.)ની હદીસોનું સમર્થન મળેલુ છે. હકીકતમાં આપણું સદનસીબ છે કે આપણે ઈમામ ઝમાના (અ.સ.) માટે દુઆ કરી શકીએ છીએ. ઈમામ (અ.સ.) માટે દુઆ કરવાની તૌફીક મળવા અને તેમાં વધારો થવા માટે નિષ્ઠાપૂર્વક દુઆ કરવી જોઈએ. તમામ લોકોને આ તૌફીક મળતી નથી. ચાલો, આપણે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પાસે માઅસુમ ઈમામો (અ.)ને વસીલો બનાવીને દુઆ કરીએ કે તે આપણને

ઇમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાની તૌફીક અતા કરે. (આમીન)

હવે સવાલ અ થાય કે ઇમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કઇ રીતે કરવી? અલબત્ત, આપણા પોતાના શબ્દોમાં પણ ઇમામ (અ.સ.) માટે દુઆ કરી શકીએ છીએ. અથવા તો બહતર એ છે કે પવિત્ર ઇમામો (અ.સ.) એ સૂચવેલી દુઆ પઢીએ. અહીં ઇમામો (અ.સ.) ની કેટલીક દુઆઓના નામ અને તેની પ્રાથમિક વિગત પ્રસ્તુત કરીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે આ દુઆઓ પડવાથી દુઆઓનો ફાયદો મળી શકશે. આ ઉપરાંત આ દુઆઓ થકી રૂહાને તાજગી મળશે, તેમજ ઇમામ (અ.સ.)ના વહેલા ઝુહુર થવા માટે વારંવાર દુઆ કરવાનો ઉત્સાહ જાગશે.

# પ્રકરણ - ૧૩

# ઇમામે ઝમાના (અ.સ.) માટે કેટલીક દુઆઓ

(૧) દુઆએ ફરઝ

અલ્લાહુમ્મ કુલ્લે વલીય્યેક............

આ દુઆ દરરોજની વાજીબ નમાઝની કુનુતમા પડવી મુસ્તહબ છે.શૈખ અબ્બાસે કુમ્મી 'મુનતહીયુલ અઅમાલ' નામની તેમની કિતાબમાં લખે છે. કે :

ત્રીજી શબે કદર એટલે કે ૨૩ મી માહે મુબારકે રમઝાનની રાતે અલ્લાહની હમ્દ અને પવિત્ર ઈમામ પર સલવાત મોકલ્યા બાદ આ દુઆ અલ્લાહહુમ્મ કુલ્લે વલીય્યેક.......પડવાનું ચુકવું ન જોઈએ. હકીકતમાં હાલતાં - ચાલતાં સૂતાં બેસતાં, હંમેશા આ દુઆ દરેકે પડવી અત્યંત જરૂરી છે.

(૨) દુઆએ ગરીક :

ઈમામે સાદિક (અ.સ.) એ જયારે ઝોરારહ નામના સહાબીને ગયબતના સમયમાં ઈમાનની સલામતી માટે દુઆ ગરીક વારંવાર પડતા રહેવાની તાકોદ કરી છે.

આ દુઆ નીચે પ્રમાણે છે.

દુઆએ ગરીક

યા અલ્લાહો યા રહમાનો યા રહીમો યા મોકલ્લેબલ કોલુબે સબ્બીત કલ્બી અલા દીનેક (મુનતહિયુલ અઅમાલ)

(૩) દુઆએ અહદ :

ઈમામે જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે જો કોઇ ૪૦ દિવસ સુધી નમાઝે સુબ્હ પછી દુઆએ અહદ પડે તો તે ઈમામે ઝમાના (અ.સ.) ની હુકુમતના ઝમાના સુધી અવશ્ય પહોંચશે. અને કદાચ જો તે પહેલા તેનો ઈન્તકાલ થઇ જશે, તો ઝુહુરના સમયે ઈમામ (અ.સ.) તેને કબ્રમાંથી ઉભો કરશે. આ ઉપરાંત આ દુઆના દરેક શબ્દના બદલામાં અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા દુઆ પઢનાર માટે ૧૦૦૦ નેકીઓ લખે છે અને ૧૦૦૦ ગુનાહો માફ કરે છે (બેહારૂલ અન્વાર ભાગ-૧૦૨, પા.૧૧૧)

આવો, આજથી જ આપણે બધા સાથ મળીને એ વાતનો નિર્ણય કરીએ કે દરરોજ સવારે સુબ્હની નમાઝ બાદ દુઆએ અહદ પડીશું. આ દુઆ પડવામાં દસ મિનિટ કરતા વધારે સમય લાગતો નથી. આ ઉપરાંત મસ્જીદોમાં સુબ્હની નમાઝ પછી આ દુઆની તિલાવત સામુહિક રીતે કરાવવાના પ્રયત્નો કરવા જોઇએ.

(૪) દુઆએ નુદબાહ :

દર શુક્રવારે આ દુઆ પઢવાની ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ તાકીદ ફરમાવી છે. નુદબાહ શબ્દનો અર્થ થાય છે રડવું. જુમ્આનો દિવસ ઈમામે ઝમાના (અ.સ.) નો દિવસ છે. આ દિવસે ઈમામે ઝમાના (અ.સ.)ને ચાહનારાઓ તેમના આકા ઈમામે ઝમાના (અ.સ.)ને દુઆએ નુદબાહ થકી સંબોધન કરી બોલાવે છે.

આ દુઆના શબ્દો હૃદયને સ્પર્શી જાય તેવા છે. પ્રત્યક્ષ અનુભવ દુઆની તિલાવત (કરી તેના અનુવાદ તરફ ધ્યાન આપ્યા) પછી જ થાય છે.

(૫) દુઆ દર ગૈબતે ઈમામે ઝમાના (અ.સ.) :

શેખ અબ્બાસે કુમ્મીએ આ દુઆને ઈમામ (અ.સ.) ના ખાસ નાએબોના હવાલાથી નોંધી છે. તેઓ ફરમાવે છે. કે જો તમને જુમ્આના દિવસે કોઈ નેક કામ કરવાની તક ન મળે તો આ દુઆની તિલાવત તો જરૂર કરજો. આ દુઆ મફાતિહુલ જીનાન નામની કિતાબમાં છે. જેની શરૂઆતના શબ્દો આ પ્રમાણે છે.

: અલ્લાહુમ્મ અરરીફની નફસક........

(૬) ઝિયારતે આલે યાસીન

ઈમામે ઝમાના (અ.સ.) ફરમાવે છે કે : જયારે તમે મને બોલવવા ચાહો ત્યારે આ ઝિયારત પડીને મને બોલાવો. આ દુઆ પણ મફાતિહુલ જીનાનમાં ઝિયારતના વિભાગમાં સરદાબની ઝિયારતના મથાળા

હેઠળ આપવામાં આવી છે. જેની શરૂઆતના શબ્દો આ પ્રમાણે છે.... સલામુન અલા આલે યાસીન આ ઝિયારત તોહફએ આખેરત પેજ.૪૫,૧૧૯) ઉપર પણ છે.

(૭) અબુ ઝરરાબ ઈસ્ફહાનીની સલવાત

ઈમામે ઝમાના (અ.સ.) એ આ સલવાત દર જુમ્આની અસ્રની નમાઝ પછી પઢવાની ભલામણ કરી છે. ઈમામે ઝમાના (અ.સ.) એ પોતે આ સલવાત અબુ ઝરબને તાલીમ ફરમાવી હતી.મફાતિહુલ જીનાનમાં જુમ્આના દિવસે પઢવાની ઝિયારતના પ્રકરણમાં આપવામાં આવી છે.

(૮) જુમ્આના દિવસો પડવાની ઈમામે અસ્રની ઝિયારત

આ ઝિયારત પણ મફાતિહુલ જીનાનમાં આપવામાં આવી છે..... આ ઝિયારત દુઆએ નુદબાની કિતાબનાં પાછળના પેજ ઉપર આપેલ છે.

(૯) ઈમામે રઝા (અ.સ.) એ ઈમામે ઝમાના (અ.સ.) માટે ફરમાવેલી દુઆઃ ઈમામ રઝા (અ.સ.) પણ ઈમામે ઝમાના (અ.સ.) માટે દર જુમ્આના દુઆ કરતા હતા. આ દુઆ મફાતિહુલ જીનાનમાં દુઆએ અહદ પછી આપવામાં આવી છે. જેની શરૂઆતના શબ્દો આ પ્રમાણે છે.અલ્લાહુમ્મ અદફેહ અન વલીય્યેક.......... આ દુઆ આ જ કિતાબમાં પેજ નં.૩૬ ઉપર આપેલી છે.

(૧૦) દુઆએ અલ્લાહુમ્મ અસ્લેહ..........

ઈમામે રેઝા (અ.સ.)એ અલ્લાહુમ્મ અસ્લેહ......શબ્દોથી શરૂ થતી દુઆ નમાઝ અસ્રની કુનુતમાં પડવાની તાકીદ ફરમાવી છે.

(૧૧) દુઆએ ઈલાહી અઝોમલ બલા

કફઅમી કહે છે કે આ દુઆ એક કૈદીને ઈમામે ઝમાના (અ.સ.) એ તાઅલીમ કરી હતી. આ દુઆ પડવા પછી તે કૈદીને છુટકારો મળેલ હતો.ચાલો આપણે

પણ ‘‘ગૈબતના ઝમાનામાંથી મુક્તિ’’ મેળવવા માટે આ દુઆ નિયમિત પડીએ આ દુઆ મફાતિહુલ જીનાનમાં આપવામાં આવેલી છે. જેના શરૂઆતના શબ્દો ઈલાહી અઝોમલ બલા ..........છે.

(૧૨) અલ્લાહુમ્મર ઝુકના તૌફીકત તા’અ.......

‘મીસ્બાહ’ નામની કિતાબમાં કફઅમી લખે છે કે : ઈમામે ઝમાના (અ.સ.) તરફથી તાલીમ કરવામાં આવેલી આ દુઆ આપણે વારંવાર પડવી જોઈએ.મફાતિહુલ જીનાનમાં ‘ઈલાહી અઝોમલ બલા.......’ દુઆ પછી આ દુઆ આપવામાં આવેલી છે. જેના શરૂઆતના શબ્દો. ‘અલ્લાહુમ્મર ઝુકના તૌફીકત તાઅ............’ છે. ઉપરાંત આ દુઆ મીકયાલુલ મકારીમ સારાંશ (ગજરાતી) માં પાછળનાં પેજ ઉપર આપવામાં આવી છે.

(૧૩) સલામુલ્લાહે કામિલુત્તામ.................

મફાતિહુલ જીનાનમાં અલ્લાહુમ્મર ઝુકના તૌફીકત તાઅ એ દુઆ પછી આપવામાં આવેલી અને ‘‘સલામુલ્લાહે કામિલુત્તઆમ.....એ શબ્દોથી શરૂ થતી આ દુઆ ખૂબ જ અસરકારક છે. હાજતો પુરી થવા માટે આ દુઆ પડવાની ભલામણ કરાઈ છે. આ દુઆ દુઆએ નુદબાની કિતાબનાં પાછળનાં પેજ પર આપેલ છે.

(૧૪) દરેક નમાઝ પછી પડવાની દુઆ :

મીકયાલુલ મકારીમ નામની કિતાબના લેખક ઈમામે જઅફર સાદિક (અ.સ.)થી એક હદીસ વર્ણવતા કહે છે, કે ઈમામે (અ.સ.) ફરમાવ્યું : શિઆઓ ઉપરના અમારા હકકોમાંથી એક હક આ પણ છે કે તમામ નમાઝ પછી તેઓ હાથોને બલંદ કરી અને જમણા હાથથી પોતાની દાઢી પકડી આ પ્રમાણે દુઆ પડે.

‘‘યા રબ્બે મોહમ્મદ અજજીલ ફરજ આલે મોહમ્મદ યા રબ્બે મોહમ્મદ ઈહફઝ ગયબત મોહમ્મદ યા રબ્બે

મોહમ્મદ ઈન્તકીમ લેઈબ્નતે મોહમ્મદ અલયહિસ્સલામ.’’

અનુવાદ : અય મોહમ્મદના રબ, મોહમ્મદના કુટુંબના ઝુહુરમાં જલ્દી કર. અય મોહમ્મદના રબ્બ (ઈમામે ઝમાના અ.સ. થકી) મોહમ્મદની દુખ્તરનો બદલો લે.

ઉપરોકત વર્ણવેલ દુઆએ ઉપરાંત બીજી ઘણી દુઆઓનું વર્ણન મીકીયાલુલ મકારીમના લેખકે તેમની કિતાબમાં કર્યું છે. આ દુઆઓ વિશે માહિતી મેળવવામાં આપણે આલિમેદીનની મદદ લઈ શકીએ છીએ. આ ઉપરાંત એ જ કિતાબમાં અમુક ખાસ દિવસો, સ્થળ અને સમયની વિગત આપવામાં આવી છે, કે જેમાં ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવી બહુ જ ફાયદાકારક નીવડે છે. જેમાંની કેટલીક વિગત નીચે મુજબ છે.

(૧) દરરોજ નમાઝે સુબ્હ પછી

(૨) જુમ્આના દિવસે (આખો દિવસ)

(૩) ઇદુલ ફીત્રનો દિવસ
(૪) ઇદુલ અઝહા (બકરી ઇદ) નો દિવસ
(૫) ઇદે - ગદીરનો દિવસ
(૬) ૧૫ મી શાઅબાનનો દિવસ
(૭) શબે કદર (માહે મુબારકે રમઝાનની ૧૯,૨૧,૨૩ ની રાતે)
(૮) ઇમામે હુસૈન (અ.સ.) ની મુસીબતો પર રૂદન કર્યા પછી.
(૯) ઇમામે હુસૈન (અ.સ.) ના રોઝા મુબારકમાં
(૧૦) પવિત્ર કાઅબા પાસે
(૧૧) નમાઝે શબ પડતી વખતે

ટુંકમાં ઇમામે ઝમાના (અ.સ.) માટે દરરોજ, હરપળ દુઆ કરવી જોઇએ.

અલ્લાહ તઆલાએ આપણા ઉપર જે નેઅમતો નાઝીલ ફરમાવી છે. તેના માટે અને આપણને તે શિઆ બનાવવા ચાહતો હતો. તે જ શિઆ બનાવ્યા છે. તે માટે

તેનો શુક્ર અદા કરવો જોઈએ. તે આપણને ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાની તૌફીક આપે અને તેઓ (અ.સ.) ની સાચી માઅરેફત કરાવે. તે ઈમામે ઝમાના (અ.સ.)ના ઝુહુરનો સમય આપણી જીંદગી દરમ્યાન મુકર્રર કરે અને ઈમામ (અ.સ.)ના અલમ હેઠળ આપણને, આપણા કુટુંબજનો અને બાળકોને શહીદ થવાનું નસીબ ફરમાવે.

અમે અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ છીએ કે અમારા આ નમ્ર પ્રયાસને કબુલ ફરમાવે અને અમારા આ અમલનો બદલો કબ્રની પહેલી રાત માટે અનામત હોય. (આમીન)

## પ્રકરણ - ૧૪

# દુઆએ નુદબાહની ફઝીલત અને ફાયદાઓ

ઈમામે ઝમાના (અ.સ.) માટે કરવામાં આવતી દુઆઓ અને ઝિયારતોમાં દુઆએ નુદબહનું એક ખાસ સ્થાન છે.

આ એક સંપૂર્ણ દુઆ હોવા ઉપરાંત ઘણી બધી બાબતોનો સમાવેશ થતો હોય તેવી ઝિયારત પણ છે.

આ દુઆમાં કુરઆને મજીદની જુદી જુદી આયતો અને પવિત્ર ઈમામોની હદીસો થકી મઝહબ અને ઈમાનની વાતો સમજાવવામાં આવી છે. આ દુઆ મોઅતબર હોવા વિષે એટલુ જ જાણવું પુરતું છે, કે આ દુઆના દરેક વાકયની પુર્વભૂમિકામાં કુરઆનની આયતો અથવા એહલેબૈત (અ.સ.)ની હદીસો રહેલી છે.

આ દુઆમાં ઈમામત અને નેતૃત્વની જરૂરીયાતની સમજણ આપવા ઉપરાંત એ વાત પર પણ પ્રકાશ પાથરવામાં આવ્યો છે, કે પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) ની વફાત પછી એહલેબૈત (અ.સ.)નો વિરોધ કરીને તેઓ પર ઝુલ્મ શા માટે કરવામાં આવ્યો હતો?

આ દુઆમાં એહલેબૈત (અ.સ.) નો સાચો મરતબો તેમજ તેઓનું સૌથી શ્રેષ્ઠ હોવું સાબિત થાય છે.

હકીકતમાં, આ દુઆનો એક અજોડ મુદ્દો એ છે કે આ દુઆ પઢનાર ઈમામે ઝમાના અ.સ. તરફ આકર્ષિત થાય છે. આ દુઆ પડવાથી ઝમાનાના ઈમામ માટે તેના દિલના ઉંડાણમાં અસાધારણ અને ખાસ પ્રકારની મોહબ્બત પૈદા થાય છે. જયારે આ દુઆના અર્થ તરફ ધ્યાન આપવામાં આવે છે ત્યારે દુઆ પઢનારનું ધ્યાન પોતાના સમાજના વાતાવરણ તરફ ખેંચાય છે. જયારે દરરોજ મઝહબનો એક નવો અર્થ કરવામાં  આવે છે. ચારેબાજુ સત્તાની સાઠમારી ચાલતી દેખાવ છે. જયાં દુશ્મનો તેની સાથ બદલો લેતા જણાય છે. તેમજ કુરઆન અને મઝહબને સમજવો મુશ્કેલ જણાય છે. આ સંજોગોમાં આ દુઆ પઢનારાના જીવ પોતાના ઈમામની હાજરી માટે તલપાપડ થવા લાગે છે. તેને એ વાત સમજાય છે કે પોતાના ઝમાનાના ઈમામથી દૂર હોવાને કારણે તેને કેટલી મુશ્કેલીઓ અનુભવી પડે છે.

(૨૪) દુઆએ નુદબાહના નિયમિત તિલાવત કરનારના દિલમાં એક નવી આશાનું કિરણ જાગે છે. તે દરેક નવો દિવસ એ આશા સાથ શરૂ કરે છે કે ઈન્શાઅલ્લાહ આજે ઈમામે ઝમાના (અ.સ.) ઝુહુર ફરમાવશે. ઈમામનો એ ચાહનાર કહે છે એ ઈમામ કયાં છે. જેઓ દોસ્તોને ઈઝઝત આપે છે, દુશ્મનોને ઝલીલ કરે છે? કયારેક તે આંખમાં આંસુ સાથ યાદ કરે છે કે મારા માટે એ વાત અસહ્ય થઈ રહી છે કે હું લોકોને તો જોઈ શકું, પરંતુ આપના દીદાર ન કરી શકુ? એ મારા માટે અસહ્ય વાત છે કે બીજા લોકોએ તમને છોડી દીધા છે. ત્યારે હું તમારી મુલાકાત માટે રૂદન કરૂ છું? અય અહમદના ફરઝંદ : આપની મુલાકાતનો કોઈ રસ્તો છે ખરો?

આ દુઆ પઢનારાના દિલમાં ઈમામ પ્રત્યેની મોહબ્બત અને રૂહાની નિષ્ઠા પૈદા થાય છે. અને તે ઈમામ સાથ આ શબ્દોમાં વાતચીત કરવા લાગે છે. અય ઈમામ હું લોકો સાથ તો વાતચીત કરી શકું છું અને તેમની પાસેથી

મારી વાતનો જવાબ પણ મેળવુ છું પરંતુ આપના શ્વાસ લેવાનો કે બીજો જરા જેટલો અવાજ પણ સાંભળી શકતો નથી. અય માલીક ! હું આપને કઇ જગ્યાએ જોઇ શકુ અને આપને કયાં શોધુ?

હકીકતમાં આ પ્રકારની વાતચીતથો દુઆ પઢનારનું દિલ નુરાની થાય છે. અને દિલને શાંતિ મળે છે. પરંતુ તેના દિલમાં મુલાકાતની તડપ બાકી રહે છે. વાસ્તવમાં દુઆ કરનાર નમ્રતા પૂર્વક અલ્લાહની બારગાહમાં ઈમામે ઝમાના (અ.સ.) ના વહેલા ઝહુર થવા માટે દુઆ માંગે છે. તે એહલેબૈત (અ.સ.)ના હકો અદા કરવા માટે, તેઓની ખિદમત કરવા તેઓના હુકમ બજાવવા અને પોતાની દુઆઓમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેની હાજત પુરી થવાની આશા રાખે છે.

આ દુઆ કરનારની ઇચ્છા હોય છે કે એહલેબૈત (અ.સ.)નાં મદદગારો અને ખિદમતગારોમાં પોતાનો સમાવેશ થાય.

આ દુઆ ઈદુલ ફિત્ર, ઈદુલ અઝહા, ઈદે ગદીર અને દરેક જુમ્આના દિવસે પડવી મુસ્તહબ છે. એ કદાચ એટલા માટે હોય કે આપણે આપણા ઈમામ અને માર્ગદર્શકને દરેક ખુશીના પ્રસંગોમાં યાદ કરીએ. આપણી ખુશી આપણા ઝમાનાના ઈમામ વગર અધુરી રહે છે. આ વાતમાં શંકા નથી. આપણે આપણી ઈદને સાચી રીતે ત્યારે જ મનાવી શકીએ જયારે આપણા ઈમામની મુલાકાતની નેઅમત મળેલી હોય. એક એવો દિવસ આવશે, જયારે ઈમામ (અ.સ.) પોતાના ઝુહુરનું એલાન કરશે. અને તેઓ (અ.સ) ની હાજરીથી આપણને તૃપ્ત કરશે.

‘‘અય બારે ઈલાહા, અમે તારી બારગાહમાં હાથ ઉંચા કરીને એ આશા સાથ દુઆ કરીએ છીએ કે અમારા નામ એવા લોકોમાં શામિલ કર જેઓ પાસે ફકત ઈમામની મારેફત જ ન હોય, પરંતુ ઈમામની મુલાકાતનો શરફ પણ મળેલો હોય.

દુઆએ નુદબહ ઈન્સાનને ઈમામે ઝમાના (અ.સ.) થી નઝદીક કરે છે. તેથી આ દુઆ અલ્લાહ તઆલા પાસે જે જાએઝ હાજત માટે કરવામાં આવશે, તે ઈન્શાઅલ્લાહ આ દુઆની બરકતથી પુરી થશે.

રબ્બના તકબ્બલ મિન્ના ઈન્નક અન્તસ્સમીઉલ અલીમ.